**<u>અસ્વીકરણ</u>:** સ્થાનિક ભાષામાં અનુવાદિત આ ચુકાદા/હુકમનો હેતુ પક્ષકારોને તેમની ભાષામાં જાણકારી ઉપલબ્ધ કરાવવા માત્રનો છે અને તેનો અન્યથા ઉપયોગ થઇ શકશે નહિ. અન્ય તમામ વ્યવહારિક તેમજ સરકારી ઉદ્દેશો માટે મૂળ અંગ્રેજી ચુકાદો/હુકમ જ પ્રમાણિત અને માન્ય રહેશે.

**<u>DISCLAIMER</u>:** The translated judgment in vernacular language is meant for the restricted use of the litigant to understand it in his/ her language and may not be used for any other purpose. For all practical and official purposes, the English version of the judgment shall be authentic and shall hold the field for the purpose of execution and implementation.

---

**ગુજરાત ઉચ્ચ ન્યાયાલય, અમદાવાદ**

**સ્પેશ્યલ સિવિલ એપ્લિકેશન નં. ૧૬૮૬૬/૨૦૧૧**

**મંજૂરી અને હસ્તાક્ષર માટે:**

**માનનીય ન્યાયમૂર્તિ શ્રી વિજય મનોહર સહાય**

**અને**

**માનનીય ન્યાયમૂર્તિ શ્રી એ.જી. ઉરૈઝી**

==========================================

| | |
|---|---|
| ૧ | શું સ્થાનિક અખબારોના રીપોર્ટર્સને ચુકાદો જોવાની મંજૂરી છે? |
| ૨ | રીપોર્ટરને મોકલવામાં આવે કે નહીં? |

| | |
|---|---|
| ૩ | શું ન્યાયમૂર્તિઓ ચુકાદાની આખરી નકલ જોવા માંગે છે? |
| ૪ | શું આ કેસમાં ભારતીય બંધારણ અથવા તે હેઠળ કરવામાં આવેલા કોઈ હુકમના અર્થઘટન અંગે કાયદાનો કોઈ નોંધપાત્ર પ્રશ્ન સમાયેલ છે? |
| ૫ | શું સિવિલ જજને પરિપત્રિત કરવામાં આવે કે કેમ? |

==========================================

સી.એચ. ઉપાધ્યાયયા....અરજદાર(ઓ)

વિરુદ્ધ

ગુજરાત રાજ્ય અને ૧....સામાવાળા(ઓ)

==========================================

ઉપસ્થિતિ:

શ્રી ગાંધી સાથે શ્રી ચિન્મય એમ. ગાંધી અરજદાર તરફેથી,

સામાવાળા(ઓ) ક્રમાંક ૧ તરફેથી સરકારી વકીલ,

સામાવાળા(ઓ) ક્રમાંક ૨ તરફેથી કાયદા અધિકારી શાખા, વકીલ,

સામાવાળા(ઓ) ક્રમાંક ૨ તરફેથી શ્રી એ.એસ. સુપેહિયા, વકીલ,

સામાવાળા(ઓ) ક્રમાંક ૧ તરફેથી નિયમની બજવણી થયેલ

==========================================

**કોરમ:માનનીય ન્યાયમૂર્તિ શ્રી વિજય મનોહર સહાય અને માનનીય ન્યાયમૂર્તિ શ્રી એ. જી. ઉરૈઝી**

**તારીખ : ૨૬/૦૯/૨૦૧૪**

**સી.એ.વી. ચુકાદો**

**(દ્વારા : માનનીય ન્યાયમૂર્તિ શ્રી એ. જી. ઉરૈઝી)**

અમે અરજદાર તરફથી હાજર વિદ્વાન વકીલ શ્રી એમ.બી. ગાંધી સાથે શ્રી ચિનમય ગાંધી તથા સામાવાળા નં. ૧ તરફથી હાજર વિદ્વાન સહાયક સરકારી વકીલ શ્રી એન.જે. શાહ અને સામાવાળા નં. ૨ તરફથી હાજર વિદ્વાન વકીલ શ્રી એ.એસ. સુપેહિયા ને સાંભળ્યા છે.

૨ અરજદાર, સિવિલ ન્યાયાધીશ (જુનિયર વિભાગ) ના કેડરના એક ન્યાયિક અધિકારીએ, વિભાગીય તપાસ શરૂ કરવાની જાણના હુકમ, તા. ૮મી સપ્ટેમ્બર ૨૦૦૦ના કામચલાઉ નિર્ણય તેમજ ૨૮.૦૯.૨૦૧૧ /૨૬.૦૯.૨૦૦૯ ના રોજ જણાવવામાં આવેલ અંતિમ બરતરફીના હુકમને ગેરકાયદેસર અને રદબાતલ ગણાવીને તથા ભારતના બંધારણના અનુચ્છેદ ૨૨૬ હેઠળ અન્ય આનુષંગિક રાહતો માટે પડકાર્યો છે.

૩ અરજિના સંક્ષિપ્ત તથ્યો એ છે કે અરજદાર ઉપલેટા, જિલ્લો રાજકોટ ખાતે સિવિલ ન્યાયાધીશ અને જુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ તરીકે ફરજ બજાવતા હતા. તા. ૭મી એપ્રિલ ૨૦૦૪ના રોજ થયેલા ગુપ્ત સંદેશાવ્યવહાર દ્વારા તેમને જાણ કરવામાં આવી હતી કે તેમની વિરુદ્ધ નીચેના આક્ષેપોના આધારે હાઈકોર્ટે વિભાગીય તપાસ હાથ ધરવાનો નિર્ણય કર્યો હતો:

"આરોપોના નિવેદન

કે શ્રી સી.એચ. ઉપાધ્યાય તા. ૧૪.૬.૧૯૯૯ થી તા. ૧૦.૬.૨૦૦૨ સુધી ઉપલેટા, જિલ્લો: રાજકોટ ખાતે સિવિલ ન્યાયાધીશ (જે.ડી.) અને જે.એમ.એફ.સી. તરીકે કાર્યરત હતા, તે બાબતે નીચે મુજબ જાણવા મળ્યું:

કે આરોપી કેશુ એભાભાઈ મેર અને જીવાભાઈ પંચાભાઈ રબારી સામે સોનેરી હારની ઝૂંટવી લેવાની બાબત સંબંધિત ફોજદારી કેસોમાં, નિર્ધારિત તમામ પ્રક્રિયાત્મક કાયદો અને ફોજદારી ઘટકોને બાજુએ મૂકી, ભલે શ્રી ઉપાધ્યાય પ્રક્રિયાત્મક કાયદા, પુરાવા અધિનિયમ અને ભારતીય દંડ સંહિતાના અનુભવ તથા સ્થિર સિદ્ધાંતોમાં સુસજ્જ હતા, તેમણે દૂર્ભાવનાપૂર્વક અને ન્યાયિક કારણો સિવાયના કારણોસર, ગેરકાયદેસર અભિગમ અપનાવી, તપાસ અધિકારી પોલીસ ઇન્સ્પેક્ટર લક્ષ્મણ ખોડાજી કટારા સાથે સાંઠગાંઠ કરીને, તે કેસોમાં તે આરોપીઓ વિરુદ્ધ નિર્ણય કરવામાં અતિશય ઉતાવળ દર્શાવી હતી, અને તે કેસોમાં ન તો મૂળ એફ.આઈ.આર. કે પંચનામું વગેરે નોંધ પર લેવામાં આવ્યા હતા, ન તો મૂળ દસ્તાવેજો રજૂ ન કરવા અંગેનું સમજૂતીરૂપ કારણ પુરાવામાં

માંગવામાં આવ્યું હતું, છતાં આ બાબત અત્યંત સ્પષ્ટ હતી કે એફ.આઈ.આર. આરોપીઓની ધરપકડ થયા પછી નોંધાઈ હતી; ક્રિમિનલ કેસ ક્રમાંક ૮૪૬/૯૯ અને ૮૫૨/૯૯ માં એવું જણાય છે કે ફરિયાદીઓમાંથી કોઈને પણ તે કેસોમાં મુદ્દામાલ રહેલો સોનેરી હાર ઓળખ માટે બતાવવામાં આવ્યો નહોતો અને ફરિયાદીઓ દ્વારા તેના માલિકી હક્કને દર્શાવતો કોઈ પુરાવો નોંધ પર લાવવામાં આવ્યો નહોતો, અને તેમ છતાં આરોપીઓને નિર્દોષ છૂટકારો આપતાં उक्त મુદ્દામાલ ફરિયાદીને સોંપવામાં આવ્યો હતો. શ્રી સી.એચ. ઉપાધ્યાયે ક્રિમિનલ કેસ ક્રમાંક ૮૪૮/૯૯ થી ૮૫૨/૯૯ ની કાર્યવાહી કાયદાની યોગ્ય પ્રક્રિયાને દૂર કરીને અત્યંત શંકાસ્પદ રીતથી ચલાવી હતી. આથી, શ્રી ઉપાધ્યાયે સ્થિર કાયદાના તમામ નિયમોને ટાળી, ન્યાયિક કારણો સિવાયના કારણોસર આરોપીઓને નિર્દોષ છૂટકારો આપ્યો અને મુદ્દામાલ ફરિયાદીને સોંપી દીધો.

એવું પણ નોંધાયું છે કે ઉપરોક્ત હોદ્દા પર પોતાની ઉપરોક્ત કાર્યાવધિ દરમિયાન, સક્રિય રસ લેતા, શ્રી ઉપાધ્યાયે તપાસ અધિકારી સાથે સાંઠગાંઠ કરીને ઉપરોક્ત કેસો ઘડ્યા હતા અને સહાયક જાહેર અભિયોજક દ્વારા ફરિયાદીને મુદ્દામાલ સોંપણી માટે દાખલ કરાયેલ "નો ઓબ્જેક્શન" પુરસીસ પર ગેરકાયદેસર રીતે કાર્યવાહી કરીને, પોલીસ અભિયોજકની કોઈ વાંધો નથી એવી નોંધ કાયદાના અને પ્રક્રિયાત્મક કાયદાના ફરજિયાત તથા સ્થિર સિદ્ધાંતો ઉપર પ્રબળ થઈ શકતી નથી તે બાબત સારી રીતે જાણતા હોવા છતાં, ઉપર મુજબ તે કેસો અને તેમાંનો મુદ્દામાલ ગેરકાયદેસર રીતે નિકાલ કર્યા હતા.

આગળ એમ પણ જાણવા મળે છે કે, ફોજદારી નોંધણી ક્રમાંક ૯૧/૯૬માંથી દાખલ થયેલ ક્રિમિનલ કેસ ક્રમાંક ૮૫૧/૯૯માં, પોલીસ ઇન્સ્પેક્ટર એલ.કે. કટારાએ ફરિયાદીનો આંક ૧૪ તથા તપાસ અધિકારીનો આંક ૧૮ના પુરાવા મુજબ અંદાજે ૩ તોલા વજનનું મુદ્દામાલ સોનુ સાથે આરોપીની ધરપકડ કરી હતી. તે પોલીસ મથકે પરત સોંપવામાં આવ્યું હતું, પરંતુ તપાસ કરતાં એવું જાણવા મળ્યું કે ફરિયાદીને પરત આપેલ હાર આરોપી પાસેથી જપ્ત કરાયેલ હાર ન હતો, પરંતુ તે નકલવાળી વસ્તુ હતી; જેના કારણે સાક્ષી પી.ડબ્લ્યુ. નં. ૧ના પિતાએ, આંક ૧૪ મુજબ, ખાનગી ફરિયાદ તરીકે એમ. કેસ નં. ૭૦/૨૦૦૦ દાખલ કર્યો હતો, જેને શ્રી ઉપાધ્યાયે ઉપલેટા પોલીસ મથકના પોલીસ અધિકારીઓ વિરુદ્ધ હોવા છતાં, ૨૩.૩.૨૦૦૦ના રોજ ગેરકાયદેસર અને અતાર્કિક હુકમ કરીને પોલીસ તપાસ માટે મોકલી આપ્યો હતો. પી.ડબ્લ્યુ. નં. ૧ના આંક ૧૪ના પુરાવામાં ક્યાંય એવું નથી કે તેને મુદ્દામાલ હાર બતાવવામાં આવ્યો હતો. ચાર્જશીટ દાખલ થયા પછી મુદ્દામાલ પોલીસ મથકે જ રાખવામાં આવ્યો હોય એવું જણાય છે, જ્યારે નકલવાળો હાર સોંપવામાં આવ્યો હતો, અને ૩ તોલાનું કિંમતી સોનાનું આભૂષણ પોલીસ પાસે કબજામાં રાખવાનું કેમ ચાલુ રહ્યું તે અંગે નોંધપોથીમાં કોઈ સ્પષ્ટીકરણ આપવામાં આવેલ નથી; અને અંતે ફરિયાદીને નકલવાળાં આભૂષણો આપીને છેતરવામાં આવ્યો હતો, જે તેના પી.આઈ. કટારા સાથે સાંઠગાંઠ રાખવાના કપટભર્યા ઈરાદાને દર્શાવે છે અને આવા વર્તન દ્વારા તેણે બેઈમાનીપૂર્વક તથા ન્યાયિક સંસ્થામાં વિશ્વાસ ડગમગે તે હેતુથી જાણપૂર્વક પોતાને એક સાધન બનાવ્યો હતો.

એવું જાણવા મળે છે કે જણાવેલ ફોજદારી કેસોમાં, શ્રી ઉપાધ્યાએ ખાસ કરીને બે કેસોની ફરિયાદો અને પંચનામા જેવા મૂળ દસ્તાવેજો રજૂ કરવા માટે ફરિયાદ પક્ષ અને તપાસ અધિકારીને બોલાવ્યા વિના જ કાર્યવાહી આગળ વધારી હતી, વિશેષ કરીને જ્યારે મોટાભાગની ફરિયાદો આરોપીની ધરપકડ બાદ નોંધવામાં આવી હતી.

આગળ વધુ એવું પણ નોંધાયું છે કે મુદામાલ વસ્તુઓ એટલે કે સોનાની ચેઇનોને નીચલી અદાલતમાં ચાલેલી કાર્યવાહી દરમિયાન ઓળખ માટે સંબંધિત ફરિયાદીઓને બતાવવામાં આવી નહોતી, અને તેની માલિકી અથવા તે મેળવવા માટેના હકની કોઈ ચકાસણી કર્યા વિના જ તેનો કબજો ફરિયાદીઓને સોંપી દેવામાં આવ્યો હતો. આ રીતે, શ્રી ઉપાધ્યાયે ઉપરોક્ત પ્રત્યક્ષ, અપ્રામાણિક અને કપટપૂર્ણ તપાસ, જે પી.આઈ. શ્રી કટારાએ ઉક્ત ફોજદારી કેસોમાં હાથ ધરી હતી, તેને સુવિધાપૂર્વક અવગણેલી અને સાથે સાથે ફરિયાદ પક્ષ આક્ષેપિત ગુનામાં આરોપીની સંડોવણી વાજબી સંદેહથી પર સાબિત કરવામાં નિષ્ફળ ગયું છે એવા નિષ્કર્ષ પર પહોંચીને આરોપીને નિર્દોષ છૂટકારો પણ આપ્યો હતો.

આગળ વધુમાં એવું પણ જાણવા મળે છે કે શ્રી ઉપાધ્યાયે પોતે જ પી.આઈ. શ્રી કટારાએ બનાવટી રીતે ઘડેલા છેતરપિંડીના કેસોના નિકાલમાં સક્રિય રસ લીધો હતો, કારણ કે તેમણે તમામ કેસો અવ્યવસ્થિત અને શંકાસ્પદ રીતે ચલાવ્યા

હતા અને આરોપીઓ પાસેથી કોઈ વાંધો નથી એવી પુરશિસો મેળવી મુદ્દામાલરૂપ સોનાની ચેનોના નિકાલ માટે આદેશો કર્યા હતા.

તે રીતે, શ્રી ઉપાધ્યાયે પી. આઈ. શ્રી કટારા સાથેની સાંઠગાંઠમાં, ફક્ત ગેરહેતુસર આશયથી અને બાહ્ય પ્રતિફળના અવલોકનમાં, કાયદાની યોગ્ય પ્રક્રિયાનું પાલન કર્યા વિના આરોપીને નિર્દોષ છૂટકારો અપાવ્યો હતો અને મુદ્દામાલ સોનાની ચેનોની કસ્ટડી ફરિયાદીઓને સોંપી દીધી હતી.

આથી, શ્રી ઉપાધ્યાય પૂર્ણ અખંડિતતા અને ફરજ પ્રત્યેની નિષ્ઠા જાળવવામાં નિષ્ફળ રહ્યા હતા.

(એ) મિ. સી.એચ. ઉપાધ્યાય ભ્રષ્ટ આચરણોમાં સંલગ્ન થવા અંગે દોષિત છે.

(બી) શ્રી.સી.એચ. ઉપાધ્યાય તેમના ન્યાયિક કાર્યોમાં ફરજચૂક માટે દોષિત છે.

(સી) શ્રી સી.એચ. ઉપાધ્યાયે ન્યાયિક અધિકારીને અનુરુપ ન ગણાય તેવી રીતે વર્તન કર્યું. ઉપરોક્ત શ્રી સી.એચ. ઉપાધ્યાયના આ કૃત્યો, જો સાબિત થયેલા માનવામાં આવે, તો તે ન્યાયિક અધિકારીને અનુરુપ ન ગણાય તેવા વર્તન સમાન ગણાશે અને ગંભીર ગેરવર્તનનું કૃત્ય ગણાશે, જે ગુજરાત સિવિલ સર્વિસિસ (કન્ડક્ટ) નિયમો, ૧૯૭૧ ના નિયમ ૩ માં સમાવિષ્ટ જોગવાઈઓનું ઉલ્લંઘન કરે છે."

૪ રાજકોટના વિદ્વાન મુખ્ય જિલ્લા ન્યાયાધીશને વિભાગીય તપાસ, એટલે કે તપાસ પ્રકરણ ક્રમાંક ૧૯/૨૦૦૨, હાથ ધરવા માટે તપાસ અધિકારી તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા. તપાસ અધિકારીએ, અરજદારને સાંભળવાની તક આપ્યા બાદ, તા. ૩૦મી ઑગસ્ટ ૨૦૦૫ના પોતાના અહેવાલ રજૂ કર્યા અને અરજદાર વિરુદ્ધ મૂકાયેલા આરોપો સાબિત થયા હોવાનું નિશ્ચિત કર્યું. તપાસ અધિકારીના અહેવાલના આધારે, હાઈકોર્ટે તા. ૮મી સપ્ટેમ્બર ૨૦૦૮ના કામચલાઉ નિર્ણય દ્વારા પ્રાથમિક રીતે એવું માન્યું કે અરજદાર વિરુદ્ધ મૂકાયેલા આરોપો સાબિત થયેલા છે અને આરોપોની ગંભીરતા ધ્યાનમાં લેતાં, અરજદારને સેવામાંથી બરતરફ કરવાની સજા આપવાનો આ યોગ્ય કેસ છે, અને તેથી અરજદારને સેવામાંથી બરતરફીની સજા અંગે કારણ દર્શાવો નોટિસ આપવામાં આવેલ. અરજદારે તા. ૨૫મી ઑક્ટોબર ૨૦૦૮ના જવાબ દ્વારા તે નોટિસનો જવાબ આપ્યો હતો.

૫ હાઈકોર્ટે, તેના વહીવટી પક્ષે, તા. ૨૬મી જૂન ૨૦૦૯ના અંતિમ નિર્ણય દ્વારા એવો નિર્ણય કર્યો કે અરજદારને અત્યંત કઠોર સજા ફટકારવી આવશ્યક છે અને તેથી ગુજરાત સિવિલ સર્વિસિસ (ડિસિપ્લિન એન્ડ અપીલ) નિયમો, ૧૯૭૧ના નિયમ ૬ હેઠળની સજાની ભલામણ કરી તથા અરજદારને સેવામાંથી બરતરફ કરવાની ભલામણ કરી. વડી અદાલતની આ ભલામણને ગુજરાત સરકારના કાયદા વિભાગે સ્વીકારી અને તા. ૪/૧૫ સપ્ટેમ્બર ૨૦૧૧ની જાહેરનામા દ્વારા અરજદારને સેવામાંથી બરતરફ કરવામાં આવ્યો હતો, જેના અનુસંધાને અરજદારે

ભારતના સંવિધાનના અનુચ્છેદ ૨૨૬ હેઠળ વડી અદાલતના અધિકારક્ષેત્રને સેવામાંથી બરતરફીના પડકાર માટે આહ્વાન કર્યું છે।

૬ શ્રી એમ. બી. ગાંધી, અરજદાર તરફથી હાજર વિદ્વાન વકીલ શ્રી ચિનમય ગાંધી સાથે, એ રજૂઆત કરી છે કે અરજદાર દ્વારા જે ઘટનાઓનો નિર્ણય કરવામાં આવ્યો હતો તે વર્ષ ૧૯૯ માં બની હતી, તે કેસોનો નિર્ણય વર્ષ ૨૦૦૦ માં કરવામાં આવ્યો હતો, જ્યારે અરજદારને ૨મી નવેમ્બર ૨૦૦૨ના રોજ સસ્પેન્ડ કરવામાં આવ્યો હતો. અરજદારને પ્રથમ ચાર્જશીટ ૭મી એપ્રિલ ૨૦૦૪ના રોજ આપવામા  આવ્યું હતું અને તપાસ અધિકારીએ પોતાનો અહેવાલ ૩૦મી ઑગસ્ટ ૨૦૦૫ના રોજ રજૂ કર્યો હતો. ત્યારબાદ, પ્રાથમિક નિર્ણય અરજદારને ૮મી સપ્ટેમ્બર ૨૦૦૮ના રોજ સંપ્રેષિત કરવામાં આવ્યો હતો અને બરતરફી અંગેની અંતિમ સૂચના ૧૫મી સપ્ટેમ્બર ૨૦૧૧ના રોજ બહાર પાડવામાં આવી હતી. તેથી, શ્રી ગાંધી એ રજૂઆત કરી છે કે બહુ મોટો વિલંબ થયો છે અને તેથી વિલંબ અને ઉદાસીનતાના આધાર પર તપાસ ખોટી છે અને તેથી અદાલત હસ્તક્ષેપ કરી આરોપોને રદ કરે. પોતાની દલીલના સમર્થનમાં, તેમણે આ અદાલતના મોહનભાઈ ડુંગરભાઈ પરમાર વિ. વાય. બી. ઝાલા, ૧૯૭૯ જી.એલ.આર. ૪૯૭ ના કેસમાં આપેલા નિર્ણય પર, તેમજ સ્ટેટ ઑફ પંજાબ વિ. ચમન લાલ ગોયલ, (૧૯૯૫) ૨ એસ.સી.સી. ૫૭૦ અને ગવર્નમેન્ટ ઑફ આંધ્ર પ્રદેશ વિ. અપ્પાલા સ્વામી, (૨૦૦૭) ૧૪ એસ.સી.સી. ૪૯ ના કેસોમાં આપેલા નિર્ણય પર આધાર રાખ્યો છે.

૭ શ્રી ગાંધી ત્યારબાદ દલીલ કરી છે કે તપાસ અધિકારી એક વહીવટી અધિકારી છે અને તેથી તે અપીલરૂપે બેસીને અરજદાર દ્વારા ચલાવવામાં આવેલી કાર્યવાહીમાંથી ખામીઓ શોધી શકતા નથી અને તપાસ અધિકારી અરજદાર દ્વારા ન્યાયિક રીતે નક્કી કરવામાં આવેલા મુદ્દાઓ અંગે તપાસ ચલાવી શકતા નથી. આ દલીલના સમર્થનમાં, શ્રી ગાંધી આ અદાલતના રમેશ પી. વાઘેલા વિ. ગુજરાત રાજ્ય અને અન્ય, ૨૦૧૩ (૨) જી.એલ.આર. ૧૧૪૦ તથા એસ.જે. પાઠક, ભૂતપૂર્વ એડિશનલ સેશન્સ જજ વિ. ગુજરાત રાજ્ય અને અન્ય, ૨૦૧૦ (૧) જી.એલ.આર. ૧૫૩ ના કેસોમાં આપવામાં આવેલા નિર્ણય પર આધાર રાખ્યો છે.

૮ ફરિયાદ તથા પંચનામાની ફોટો નકલ આંક તરીકે દર્શાવવામાં આવી હોવા અંગેના આક્ષેપ બાબતે, શ્રી ગાંધીએ રજૂઆત કરી છે કે જો પક્ષકારો તે માટે સંમત હોય, તો મૂળ દસ્તાવેજની ઝેરોક્સ નકલને આંક તરીકે દર્શાવી શકાય. પોતાના આ મતેના સમર્થનમાં, શ્રી ગાંધીએ દલવાડી ગોવિંદભાઈ અમરશીભાઈ વિ. ગુજરાત રાજ્ય, ૨૦૦૪ (૨) જી.એલ.આર. ૧૨૮૫ ના આ અદાલતના નિર્ણય પર તેમજ ફોજદારી મેન્યુઅલના પરિછેદ ૧૬૧(૧) ને ફોજદારી પ્રક્રિયા સંહિતા, ૧૯૭૩ ની કલમ ૨૯૪ સાથે વાંચવા યોગ્ય જોગવાઈઓ પર આધાર મુક્યો છે.

૯ શ્રી ગાંધીએ ત્યારબાદ દલીલ કરી છે કે અરજદાર વિરુદ્ધ મૂકાયેલ આક્ષેપ એવો છે કે નકલી સોનાની ચેઇનથી સોનાની ચેઇન બદલી મૂકવાના આક્ષેપ શ્રી કટારા વડપણ હેઠળના પોલીસ સ્ટેશન વિરુદ્ધ હોવાથી, ફોજદારી પ્રક્રિયા સંહિતાની

કલમ ૧૫૬(૩) હેઠળની તપાસ તેમને સોંપી શકાતી ન હતી. તેમણે રજૂઆત કરી કે ઉક્ત આક્ષેપનો કોઈ આધાર નથી, કારણ કે મેજિસ્ટ્રેટની સત્તા માત્ર પોલીસ સ્ટેશનના પ્રભારી અધિકારીને દિશા આપવા પૂરતી જ મર્યાદિત છે, અને પોતાની આ રજૂઆતના સમર્થનમાં તેમણે સર્વોચ્ચ અદાલતના સી.બી.આઈ. થ્રૂ સુપરિન્ટેન્ડન્ટ ઑફ પોલીસ વિ. ગુજરાત રાજ્ય અને અન્ય, ૨૦૦૧ (૧) જી.એલ.એચ. ૫૨૩ ના કેસમાં આપેલા નિર્ણય પર આધાર મૂક્યો છે, જેમાં ફકરો ૭ માં આ અદાલતે નીચે મુજબ ઠરાવ્યું છે:.

૭. આ પુનર્વિચારમાં વિચારણા માટેનો એકમાત્ર મુદ્દો એ છે કે, વિશેષ ન્યાયાધીશ ફોજદારી પ્રક્રિયા સંહિતાની કલમ ૧૫૬(૩) હેઠળ સી.બી.આઈ.ને તપાસ કરવા તથા ફરિયાદમાં ઉલ્લેખિત ગુનાઓ અંગે તેમને અહેવાલ આપવા દિશાનિર્દેશ આપી શક્યા હોત કે કેમ. આ બાબત નિર્વિવાદ છે કે સામાવાળા નં.૨ દ્વારા આરોપી વિરુદ્ધ ખાનગી ફરિયાદ દાખલ કરવામાં આવી હતી. સંહિતાની કલમ ૧૫૬(૩) હેઠળ વિશેષ ન્યાયાધીશે કાર્યવાહી કરી હતી અને તેમણે સી.બી.આઈ.ને મામલાની તપાસ કરવા દિશાનિર્દેશ આપ્યો હતો. સર્વોચ્ચ અદાલતે તાજેતરના ઉચ્ચારણમાં સેંટ્રલ બ્યુરો ઑફ ઇન્વેસ્ટિગેશન, જયપુર વિ. સ્ટેટ ઑફ રાજસ્થાન ૨૦૦૧ એ.આઈ.આર. એસ.સી.ડબલ્યુ. ૩૦૫ માં, એક બાજુ દિલ્હી અને રાજસ્થાન વડી અદાલત તથા બીજી બાજુ ગુજરાત અને કર્ણાટક વડી અદાલતના પરસ્પર વિરોધી નિર્ણયોની તપાસ કરી અને એવું નિષ્કર્ષ આપ્યું કે રાજસ્થાન અને દિલ્હીની હાઇકોર્ટે અપનાવેલો અભિપ્રાય

સમર્થન પામી શકતો નથી. રાજસ્થાન અને દિલ્હી વડી અદાલતના નિર્ણયો સર્વોચ્ચ અદાલતે રદ કર્યા હતા. સર્વોચ્ચ અદાલતે એવું ઠરાવ્યું હતું કે કલમ ૧૫૬(૩) હેઠળની મેજિસ્ટ્રેટીય સત્તાને પોલીસ મથકના ઈન્ચાર્જ અધિકારીને તપાસ કરવા માટે દિશાનિર્દેશ આપવાની મર્યાદાથી આગળ વિસ્તારી શકાતી નથી. તેથી, કોઈપણ ગુનાની તપાસ કરવા માટે સેન્ટ્રલ બ્યુરો ઑફ ઈન્વેસ્ટિગેશન, સી.બી.આઈ., ને દિશાનિર્દેશ આપવાની સત્તા મેજિસ્ટ્રેટને નથી. વધુમાં, એવું પણ પ્રતિપાદિત કરવામાં આવ્યું હતું કે સંહિતાની કલમ ૧૫૬ સંજ્ઞેય ગુનામાં તપાસ વિષે છે. જો અસંજ્ઞેય કેસોમાં સી.બી.આઈ. દ્વારા તપાસ કરાવવાનો હુકમ આપવાની મેજિસ્ટ્રેટની સત્તા કલમ ૧૫૬ માંથી અનુસરતી ન હોય, તો આવી સત્તા સંહિતાની અન્ય કોઈ જોગવાઈમાંથી અનુસરવી શક્ય નથી. કલમ ૧૫૬ ની ઉપકલમ (૩) માં જે સમાવાયેલ છે તે ઉપકલમ (૧) માં ઉલ્લેખિત તપાસનો હુકમ આપવાની સત્તા છે, કારણ કે ઉપકલમ (૩) માં આવેલા શબ્દો "ઉપર દર્શાવેલ એવી તપાસનો હુકમ" નિર્વિવાદ રીતે બીજી ઉપકલમનો સંદર્ભ દર્શાવે છે. તેથી, સત્તા તો ‘પોલીસ મથકના ઈન્ચાર્જ અધિકારી’ ને તપાસ કરવા માટે હુકમ આપવાની જ છે. “પોલીસ મથક” અને “પોલીસ મથકના ઈન્ચાર્જ અધિકારી” ની વ્યાખ્યામાંથી સ્પષ્ટ થાય છે કે સરકાર દ્વારા પોલીસ મથક તરીકે જાહેર કરાયેલ સ્થાન અથવા ચોકી માટે તેનો ઈન્ચાર્જ એવો પોલીસ અધિકારી હોવો જરૂરી છે. સંજ્ઞેય કેસોમાં ગુનાઓની તપાસ કરવાની પ્રાથમિક જવાબદારી એવા પોલીસ અધિકારીમાં નિહિત છે. સંહિતાની કલમ ૧૫૬(૩) મેજિસ્ટ્રેટને એવી સત્તા આપે છે કે જે સંજ્ઞેય કેસ ઉપર એવો

મેજિસ્ટ્રેટ અધિકારક્ષેત્ર ધરાવે છે, તેમાં તે સંબંધિત પોલીસ મથકના ઇન્ચાર્જ અધિકારીને તપાસ કરવા દિશાનિર્દેશ આપી શકે. આ ચુકાદાના પરિચ્છેદ–૧૫ માં સર્વોચ્ચ અદાલતે એવો ઉપસંહાર નોંધાવ્યો હતો કે, 'અતએવ, અમે પુનરોચ્ચાર કરીએ છીએ કે ઉક્ત ઉપકલમ હેઠળની મેજિસ્ટ્રેટીય સત્તાને પોલીસ મથકના ઇન્ચાર્જ અધિકારીને તપાસ કરવા દિશાનિર્દેશ આપવાની મર્યાદાથી આગળ વિસ્તારી શકાતી નથી.'

૧૦ શ્રી ગાંધી દ્વારા વધુમાં એવી દલીલ કરવામાં આવી છે કે, દોષિત કર્મચારીએ મુદ્દામાલ વસ્તુઓ મુદ્દામાલની કિંમતના દોઢ ગણાં જામીન લીધા પછી મુક્ત કરી દીધી હતી અને તેથી ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ ૪૫૨ હેઠળ પસાર કરાયેલો હુકમ યોગ્ય છે, અને પોતાની આ દલીલના સમર્થનમાં તેમણે આ અદાલતના કમલેશભાઈ મહેતા (ઉપરોક્ત) ના કેસમાં આપવામાં આવેલ નિર્ણય પર આધાર રાખ્યો છે.

૧૧ શ્રી ગાંધી એ ત્યારબાદ દલીલ કરી છે કે અરજદારને વર્ષ ૨૦૦૯ માં વિભાગીય તપાસ ક્રમાંક ૨૦ ના ૨૦૦૨ માં પહેલેથી જ બરતરફ કરવામાં આવ્યો હતો અને તેથી બરતરફીનો બીજો હુકમ અનાવશ્યક છે અને તે દર્શાવે છે કે મનનો સંપૂર્ણપણે ઉપયોગ કરવામાં આવ્યો નથી. તેમના દ્વારા રજૂ કરવામાં આવ્યું છે કે સરકારી સેવકને માત્ર એક જ વાર બરતરફ કરી શકાય અને હાલના કેસમાં અરજદારને બે વિભાગીય તપાસોમાં બે વાર બરતરફ કરવામાં આવ્યો હતો અને તેથી તે રદ કરવામાં આવવો જોઈએ.

૧૨ શ્રી ગાંધીએ અંતે એવી દલીલ કરી છે કે ન્યાય કરનાર ન્યાયાધીશ તરફથી ભૂલ થવાની સંભાવના રહે છે. પોતાની આ દલીલના સમર્થનમાં, તેમણે કે.પી. તિવારી વિ. સ્ટેટ ઑફ એમ.પી. એ.આઈ.આર. ૧૯૯૪ એસ.સી. ૧૦૩૪ ના કેસમાં સર્વોચ્ચ અદાલતના નિર્ણય પર આધાર રાખ્યો છે કે 'જે ન્યાયાધીશે કોઈ ભૂલ કરી નથી એવો ન્યાયાધીશ હજી જન્મવાનો બાકી છે.'

૧૩ શ્રી એ.એસ. સુપેહિયા, સામાવાળા ક્રમાંક ૨ તરફથી હાજર વિદ્વાન વકીલે, બીજી તરફ, રજૂઆત કરી કે બેદરકાર અધિકારી સામેની વિભાગીય કાર્યવાહી વિલંબના આધારે માત્ર બે પરિસ્થિતિઓમાં રદ થઈ શકે, અર્થાત્ (૧) વિલંબના કારણે નિયોજકે કર્મચારીની બેદરકારીઓ માફ કરી હોવાનું માનવામાં આવે, અને (૨) જ્યાં વિલંબને કારણે કર્મચારીને હાનિ પહોંચી હોય અને તેવી હાનિનો કેસ કર્મચારીએ તપાસ અધિકારી સમક્ષ સ્થાપિત કરવો જરૂરી હોય. તેમણે રજૂ કર્યું કે હાલના કેસમાં અરજદારે વિલંબનો આધાર ન તો તપાસ અધિકારી સમક્ષ લીધો હતો અને ન આ અપીલમાં લીધો છે, તેમજ વિલંબથી તેના કેસને કેવી રીતે હાનિ પહોંચી તે પણ દર્શાવ્યું નથી. પોતાની દલીલના સમર્થનમાં, શ્રી સુપેહિયાએ આંધ્ર પ્રદેશ સરકાર વિ. અપ્પાલા સ્વામી, (૨૦૦૭) ૧૪ એસ.સી.સી. ૪૯ ના સર્વોચ્ચ અદાલતના નિર્ણય પર આધાર મૂક્યો છે. ઉપરોક્ત આંધ્ર પ્રદેશ સરકાર વિ. વી. અપ્પાલા સ્વામી (ઉપરોક્ત) મામલામાં સર્વોચ્ચ અદાલતે નીચે મુજબ ઠરાવ્યું છે:

૧૧. અપીલકર્તાઓની તરફથી વિભાગીય કાર્યવાહી પૂર્ણ કરવામાં થોડો વિલંબ થયો હતો, તે સત્ય હોઈ શકે છે. સામાવાળાની તરફથી ઉઠાવવામાં આવેલ આ દલીલ કે માત્ર તેના કારણે જ સમગ્ર વિભાગીય કાર્યવાહી દુષિત બની ગઈ હતી, તે દલીલને ટ્રિબ્યુનલએ સ્વીકારી નહોતી. તેથી, અમારા મત મુજબ, હાઇકોર્ટે આ પ્રશ્ન પર વિચાર કરવો જરૂરી હતો કે આ કેસના તથ્યો અને પરિસ્થિતિઓમાં, ખાસ કરીને સામાવાળા વિરુદ્ધ મૂકવામાં આવેલા આરોપના સ્વરૂપને તથા આ સંદર્ભમાં અપીલકર્તાઓ દ્વારા આપવામાં આવેલા સ્પષ્ટીકરણને ધ્યાનમાં લેતાં, શું આ એવો કેસ હતો જેમાં સમગ્ર કાર્યવાહી રદ કરવી જોઈએ હતી. વાંધાજનક ચુકાદામાં હાઇકોર્ટે ઉપરોક્ત પ્રશ્ન પર પોતાનું ધ્યાન કેન્દ્રિત કર્યું નહોતું. અહીં અગાઉ નોંધ્યા મુજબ, તેણે શરૂઆતથી જ આ પૂર્વધારણા પર કાર્યવાહી કરી હતી કે સામાવાળાને નિવૃત્તિ સમયે પેન્શન ચૂકવવાની હતી. વધુમાં, હાઇકોર્ટે આ પ્રશ્નનો પણ નિર્ણય કર્યો નહોતો કે આંધ્ર પ્રદેશ સિવિલ સર્વિસ (સીસીએ) નિયમો, ૧૯૬૩ ના નિયમ ૯ મુજબ સામાવાળા વિરુદ્ધ કાર્યવાહી શરૂ કરી શકાઈ હોત કે નહીં. જો એવું ઠરાવવામાં આવે કે બીજીફરી કાર્યવાહી પ્રવર્તમાન નિયમોના અનુસંધાને જાળવી રાખી શકાય તેવી હતી, તો સામાન્ય રીતે ટ્રિબ્યુનલ અથવા હાઇકોર્ટે તેમાં હસ્તક્ષેપ કરવો ન જોઈએ હતો. મુદ્દાનો આ પાસો આ અદાલતના સ્ટેટ ઑફ ઉત્તર પ્રદેશ વિ. બ્રહ્મ દત્ત શર્મા અને અન્ય, [૧૯૮૭] ૨ એસસીસી ૧૭૯ તથા સ્ટેટ ઑફ યુ.પી. વિ. હરિહર ભોલે નાથ, (૨૦૦૬) ૧૧ સ્કેલ ૩૨૨ ના નિર્ણયોથી નિષ્કર્ષિત થાય છે.

૧૪ શ્રી સુપેહિયાએ આગળ દલીલ કરી કે અરજદારે બાબતો ઉતાવળમાં ચલાવી અને ફોજદારી કાર્યરીતિ સંહિતા, ફોજદારી માર્ગદર્શિકા અને ભારતીય દંડ સંહિતાની જોગવાઈઓનું પાલન કર્યા વગર તથા સ્થિર થયેલા સિદ્ધાંતોના વિરુદ્ધ જઈને મુદ્દામાલ વસ્તુઓનો નિકાલ કર્યો છે. તેમણે વધુમાં રજૂઆત કરી કે ફોજદારી માર્ગદર્શિકાના નિયમ ૨૨૨ માં કિંમતી મુદ્દામાલ મિલ્કતોના નિકાલ માટેની પ્રક્રિયાની જોગવાઈ કરવામાં આવી છે. અરજદારે ફોજદારી માર્ગદર્શિકાના નિયમ ૨૧૯ નો ઉલ્લેખ કર્યો હોવા છતાં, તેણે માર્ગદર્શિકાના નિયમો ૨૨૨ થી ૨૨૬ નો ઉલ્લેખ કર્યો નથી, જેમાં અદાલતમાં કિંમતી વસ્તુઓની સુરક્ષિત કસ્ટડી અંગે જોગવાઈ કરવામાં આવી છે. તેમણે રજૂઆત કરી કે સુંદરભાઈ અંબાલાલ દેસાઈ વિ. ગુજરાત રાજ્ય, એ.આઈ.આર. ૨૦૦૩ એસ.સી. ૬૩૮ ના કેસમાં સર્વોચ્ચ અદાલતે મુદ્દામાલ વસ્તુઓની જાળવણી અને નિકાલ બાબતે સિદ્ધાંતો નિર્ધારિત કર્યા છે. તેથી તેમણે દલીલ કરી કે અરજદારે અપનાવેલી પ્રક્રિયા ફોજદારી માર્ગદર્શિકા અને સર્વોચ્ચ અદાલતે નિર્ધારિત કરેલા સિદ્ધાંતોનું સ્પષ્ટ ઉલ્લંઘન કરતી હોવાથી, અરજદારને સેવામાંથી દૂર કરવો યોગ્ય રીતે કરવામાં આવ્યો છે.

૧૫ શ્રી સુપેહિયાએ ત્યારબાદ રજૂઆત કરી છે કે પોલીસ અધિકારીઓ દ્વારા નકલી સોનાના આભૂષણોની સોંપણી અંગે, ફરિયાદી શ્રી નાથુભાઈ માલદેવભાઈ ચન્દ્રવાડિયા દ્વારા શ્રી કટારા, પોલીસ ઇન્સ્પેક્ટર વિરુદ્ધ અરજદાર સમક્ષ ફોજદારી ફરિયાદ દાખલ કરવામાં આવી હતી અને અરજદારે તેની તપાસ તે જ

પોલીસ સ્ટેશનને સોંપી હતી. પોલીસ સ્ટેશન દ્વારા દાખલ કરાયેલ સી સમરી અહેવાલને અરજદારે એ નોંધ સાથે સ્વીકાર્યો હતો કે ફરિયાદ સિવિલ સ્વરૂપની છે અને તેથી સી સમરી અહેવાલ સ્વીકારવો આવશ્યક છે. શ્રી સુપેહિયાએ રજૂ કર્યું હતું કે ભારતીય દંડ સંહિતાની કલમો ૪૦૬, ૪૨૦ અને ૧૧૪ હેઠળ દાખલ કરાયેલ ફરિયાદમાં સી સમરી અહેવાલ સ્વીકારવાની અરજદારની કાર્યવાહી કાનૂની સિદ્ધાંતોના વિરુદ્ધ છે. શ્રી સુપેર્હિયાએ પોતાની દલીલના સમથ નમાં એમ/એસ ઈન્ડિયા કેરેટ પ્રા. લિમિટેડ વિ. કર્ણાટક રાજ્ય અને અન્ય, એ.આઈ.આર. ૧૯૮૯ એસ.સી. ૮૮૫ ના કેસમાં સર્વોચ્ચ અદાલતના નિર્ણય પર ભરોસો મૂક્યો છે.

૧૬. શ્રી સુપેહિયાએ આગળ દલીલ કરી છે કે વર્તમાન અરજી અરજદારે ગુજરાત સિવિલ સેવાઓ (શિસ્ત અને અપીલ) નિયમો, ૧૯૭૧ ના કોઈપણ નિયમના ભંગનો આક્ષેપ કર્યો નથી અને તેથી, પ્રાકૃતિક ન્યાયના સિદ્ધાંતોનું પાલન કરીને તેની વિરુદ્ધ વિભાગીય તપાસ યોજવામાં આવી હોય ત્યારે, આ અદાલત શિસ્તપ્રાધિકારીના નિર્ણયમાં હસ્તક્ષેપ ન કરવો જોઈએ. તેમણે વધુમાં રજૂઆત કરી છે કે વહીવટી નિર્ણયોમાં ન્યાયિક સમીક્ષામાં વાજબી નથી અને પોતાની દલીલના સમર્થનમાં તેમણે નીચેના નિર્ણયો પર આધાર મૂક્યો છે:

(૧) એ.આઈ.આર. ૨૦૧૦ એસ.સી. ૧૩૭ [સ્ટેટ ઑફ યુ.પી. વિ. મન મોહન નાથ સિન્હા] (૨) એ.આઈ.આર. ૨૦૦૦ એસ.સી. ૨૨ [ધ વડી અદાલત ઑફ જુડિકેચર એટ બોમ્બે વિ. શશિકાંત એસ. પાટીલ અને અન્ય] (૩)

એ.આઈ.આર. ૨૦૧૨ એસ.સી. ૨૩૧૯ [રજિસ્ટ્રાર જનરલ, પટણા વડી અદાલત વિ. પાંડે ગજેન્દ્ર પ્રસાદ] ન્યાયિક પુનર્વિલોકનની વડી અદાલતની સત્તા:

૧૭ શિસ્તાત્મક ઞડપડિના કેસોમાં ન્યાયિક પુનર્વિલોકનની વડી અદાલતની સત્તા અંગેની કાનૂની સ્થિતિ સુસ્થાપિત છે. સ્ટેટ ઑફ યુ.પી. વિ. મન મોહન નાથ સિન્હા (ઉપરોક્ત), હાઈ કોર્ટ ઑફ જ્યુડિકેચર એટ બોમ્બે વિ. શશિકાંત એસ. પાટીલ (ઉપરોક્ત) અને પાંડે ગજેન્દ્ર પ્રસાદ અને અન્ય, (ઉપરોક્ત) એવા કેસોમાં, જેઓ પર સામાવાળા નં.૨ તરફથી વિદ્વાન વકીલ શ્રી એ.એસ. સુપેહિયાએ નિર્ભરતા મૂકી છે, તેમાંથી નિષ્પન્ન થતું તત્ત્વ એ છે કે નોકરીદાતા દ્વારા લેવામાં આવેલી શિસ્તાત્મક કાર્યવાહી સામેનો પડકાર સંબંધિત બાબતોમાં અદાલતના હસ્તક્ષેપનો વ્યાપ અત્યંત મર્યાદિત છે. અદાલતો મુખ્યત્વે આ પ્રશ્ન સાથે સંબંધિત હોય છે કે તપાસ સક્ષમ સત્તાધિકારી દ્વારા નિર્ધારિત પ્રક્રિયા અનુસાર હાથ ધરવામાં આવી હતી કે નહીં અને કુદરતી ન્યાયના નિયમોનું પાલન કરવામાં આવ્યું હતું કે નહીં. અદાલત આ બાબતનો પણ વિચાર કરી શકે છે કે દોષિત કર્મચારી સામેના આક્ષેપને સાબિત કરવા માટે કોઈ દશ્યમાન પુરાવો હતો કે નહીં અને એવો પુરાવો સક્ષમ સત્તાધિકારી દ્વારા નોંધાયેલા નિષ્કર્ષોને વાજબી રીતે સમર્થન આપે છે કે નહીં. જો અદાલત આ નિષ્કર્ષે પહોંચે કે તપાસ નિર્ધારિત પ્રક્રિયા તથા કુદરતી ન્યાયના નિયમોને અનુરૂપ હાથ ધરવામાં આવી હતી અને શિસ્તાત્મક સત્તાધિકારી દ્વારા નોંધાયેલ નિષ્કર્ષને કોઈ દશ્યમાન પુરાવાનું

સમર્થન પ્રાપ્ત છે, તો પછી શિસ્તાત્મક સત્તાધિકારીએ વિશિષ્ટ દંડ ફરમાવવાના પોતાના વિવેકાધિકારનો ઉપયોગ કર્યો હોય તેમાં હસ્તક્ષેપ કરવાની કોઈ અવકાશ રહેતી નથી; સિવાય કે એવો દંડ સાબિત થયેલ દુરાચરણની સરખામણીએ સર્વથા અસંગત પ્રમાણનો હોવાનું જણાય અથવા તે અદાલતના અંતઃકરણને આઘાત પહોંચાડે.

તપાસમાં વિલંબ:

૧૮ અરજદાર તરફથી હાજર વિદ્વાન વકીલે આ અદાલતના મોહન વિ. વાય.બી. ઝાલા (ઉપરોક્ત) કેસના નિર્ણય પર આધાર રાખીને જે દલીલ કરી છે કે અરજદાર વિરુદ્ધ હાથ ધરવામાં આવેલી તપાસ વિલંબ અને પ્રમાદના કારણે દોષિત હતી, તે સ્વીકાર્ય ગણાવી શકાય તેમ નથી. કારણ દર્શાવો નોટિસના જવાબ તથા વડી અદાલતના પ્રાથમિક નિર્ણય સામે અરજદારે આપેલા જવાબના અવલોકનથી સ્પષ્ટ થાય છે કે વિભાગીય તપાસ દરમિયાન તેમજ ત્યારબાદ અરજદારે આ દલીલ ઉઠાવી નહોતી. વધુમાં, સામાવાળા નં.૨ તરફથી હાજર વિદ્વાન વકીલ શ્રી સુપેહિયાએ યોગ્ય રીતે રજૂ કર્યું છે કે વિભાગીય તપાસ ચલાવવામાં થયેલ કહેવાતા વિલંબના કારણે અરજદારને કેવી રીતે કોઈ હાનિ અથવા પૂર્વગ્રહ થયો છે તે અરજદારે દર્શાવ્યું નથી.

૧૯ મોહનભાઈ ડુંગરભાઈ પરમાર (ઉપરોક્ત) માં, આ અદાલત સમક્ષ આ પ્રશ્ન વિચારાધીન હતો કે, શું કોઈ કર્મચારી દોઢ વર્ષ પહેલાંના કોઈ ચોક્કસ દિવસે મોડું હાજર થવા માટે તેના પાસે યોગ્ય અને પૂરતું કારણ હતું કે નહીં તે

સંતોષકારક રીતે સમજાવી શકે અને થયેલી ચૂક બાબતે કારણદર્શક રજૂઆત કરી શકે; "અથવા શિસ્તભંગની કાર્યવાહી શરૂ કરવામાં દોઢ વર્ષનો થયેલો વિલંબ પોતે જ બચાવ માટેની વાજબી તકના ઇનકાર સમાન ગણાશે કે નહીં અને આ રીતે પ્રાકૃતિક ન્યાયના સિદ્ધાંતોનું ઉલ્લંઘન કરશે કે નહીં". અદાલતે પરિછેદ ૩ માં, તેના સમક્ષ ઉપસ્થિત થયેલા આ પ્રશ્નની પૃષ્ઠભૂમિમાં, નીચે મુજબ ઠરાવ્યું છે:

"૩. આ સ્વીકારાયેલ સ્થિતિ છે કે કથિત પરેડમાં ગેરહાજરી ૧૫ નવેમ્બર, ૧૯૭૧ના રોજ થઈ હતી અને રોલ કૉલ લેતી વખતે કથિત ગેરહાજરી ૧૫ નવેમ્બર, ૧૯૭૧ની આસપાસના કેટલાક પ્રસંગોએ થઈ હતી. એ બાબતમાં પણ કોઈ વિવાદ નથી કે આ સંબંધમાં ચાર્જશીટ પ્રથમ વખત ૧૮ મે, ૧૯૭૩ના રોજ આપવામાં આવ્યું હતું, એટલે કે ઉપરોક્ત કસૂર થઈ હોવાનું કહેવાય છે તે પછી આશરે ૧ ½ વર્ષ બાદ. અરજદારના વિદ્વાન વકીલે દલીલ કરી છે કે આ અસંગત વિલંબ પોતે જ બચાવ માટેની વાજબી તકનો ઇનકાર બને છે, કારણ કે ૧ ½ વર્ષ પછી સામાન્ય સ્મૃતિ અને યાદશક્તિ ધરાવતા કોઈપણ વ્યક્તિ માટે એ સમજાવવું માનવીય રીતે અશક્ય બને કે કયા સંજોગોમાં તે પરેડમાં હાજર રહી શક્યો નહોતો અથવા રોલ કૉલ લેવામાં આવી ત્યારે હાજર રહી શક્યો નહોતો. આક્ષેપ એવો દેખાય છે કે રોલ કૉલના સમયે અરજદાર હાજર મળ્યો ન હતો. તેનો અર્થ એ નથી કે તે એકદમ આવ્યો જ ન હતો. તેનો અર્થ એવો છે કે તે મોડો આવ્યો હતો. ૧ ½ વર્ષ જેટલો સમય વીતી ગયા પછી કોઈપણ વ્યક્તિ માટે તે

કયા સંજોગોમાં મોડો પડ્યો હતો અથવા પરેડમાં હાજરી આપી શક્યો નહોતો અથવા રોલ કૉલ લેવામાં આવી ત્યારે હાજર રહી શક્યો નહોતો તે સમજાવવું શક્ય નથી. નિઃસંદેહ પોલીસ દળમાં સત્તાવાળાઓ પોલીસ કોન્સ્ટેબલ પાસેથી કડક શિસ્તની અપેક્ષા રાખવામાં ન્યાયસંગત ગણાય. તેમ છતાં એ અવગણાય એવું નથી કે તેઓ માનવી છે. તેમજ એ પણ અવગણાય એવું નથી કે નિર્ધારિત સમયે પરેડ અથવા રોલ કૉલ માટે હાજર નોંધાવી ન શકવા માટે તેમની પાસે યોગ્ય કારણો હોઈ શકે. કેટલાંક કારણોની કલ્પના કરી શકાય. કદાચ તે અસ્વસ્થ હતો. કદાચ પરિવારમાં કોઈ અચાનક ઘટના બની હશે. કદાચ પરેડ મેદાન તરફ જતા માર્ગમાં કંઈક એવું બન્યું હશે કે જેના કારણે તેને વિલંબ થયો હશે. આવા નાના મુદ્ધા સંબંધિત માત્ર એક કસૂર, તેની પૃષ્ઠભૂમિમાં રહેલા કારણની પરવા કર્યા વિના, પોતે જ બેદરકારી અથવા ફરજમાં કસૂર ઠરી શકે નહીં. શિસ્ત સત્તાધિકારીને એ સંતોષ થાય તે માટે પોલીસ કોન્સ્ટેબલને એવા સંજોગોની અસરકારક રીતે સમજૂતી આપવાની તક આપવી જ જોઈએ કે જેમાં આવી કસૂર થઈ, જેથી દર્શાવી શકાય કે આ કસૂર ન તો ઈરાદાપૂર્વક હતી, ન તો જાણબૂઝીને હતી અને ન તો ઉદાસીનતા અથવા બેદરકારીને કારણે હતી, પરંતુ તેના નિયંત્રણની બહારના સંજોગોને કારણે સર્જાઈ હતી. જો તે આ મુદ્દે શિસ્ત સત્તાધિકારીને સંતોષ આપી શકે તો આરોપ સ્થાપિત થઈ શકે નહીં. પરંતુ, ઘટના પછી દોઢ વર્ષ બાદ જ્યારે આરોપ મૂકવામાં આવે ત્યારે શું તે માત્ર પોતાની સ્મૃતિના આધાર પર સંતોષકારક સમજૂતી આપી શકે? આરોપના સ્વરૂપ અને વિષયવસ્તુને ધ્યાનમાં લેતા, આશરે ૧ ½ વર્ષનો વિલંબ સંબંધિત કોન્સ્ટેબલને

તેના વિરુદ્ધ મૂકાયેલા આરોપ અંગે કારણદર્શક રજૂઆત કરવાની વાજબી તક આપવાના દૃષ્ટિકોણે ઘાતક ગણવો જ પડે. સંબંધિત કોન્સ્ટેબલ પાસેથી ફરજ પર હાજર થવામાં થયેલા વિલંબનું કારણ સંતોષકારક રીતે સમજાવવાની અપેક્ષા રાખવી એ અશક્યની માંગણી કરવાને બરાબર છે. જો આરોપ અથવા આક્ષેપ કસૂર થયા બાદ બહુ જલદી મૂકાયો હોત, તો સંબંધિત કોન્સ્ટેબલ યોગ્ય સમજૂતી આપી શક્યો હોત, ભલે તે સક્ષમ સત્તાધિકારીને સંતોષકારક માનવામાં આવી હોત કે ન માનવામાં આવી હોત. ઘટના પછી ૧ ½ વર્ષથી વધુ સમય સુધી એવું ન કરતાં, શિસ્ત સત્તાધિકારીને સંતોષ થાય તે રીતે કારણદર્શક રજૂઆત ન કરી શકવા બદલ કોન્સ્ટેબલને દંડિત કરી શકાય નહીં. આ સંજોગોમાં, કાર્યવાહી શરૂ કરવામાં આવેલો આ વિલંબ જ તેને પોતાનો બચાવ કરવાની વાજબી તકનો ઈનકાર બને છે એવું માનવું પડે, કારણ કે કોઈ કર્મચારી પાસે કમ્પ્યુટર જેવી સ્મૃતિ હોવાની અથવા ભવિષ્યમાં ઊભી થનારી એવી સંભાવિત પરિસ્થિતિઓની પૂર્વકલ્પના રાખીને, જેના વિષે તેને પૂર્વજ્ઞાન હોઈ શકે નહીં, દરેક નાની બાબતનું રોજબરોજનું અત્યંત ચોકસાઈથી નોંધાણું રાખતી ડાયરી જાળવવાની વાજબી અપેક્ષા રાખી શકાય નહીં. તેમજ પોતાની નિર્દોષિતાને સ્થાપિત કરવા માટે તે પુરાવો રજૂ કરે તેવી અપેક્ષા પણ રાખી શકાય નહીં, કારણ કે આવા અસંગત વિલંબ પછી તેને તેની તરફેણમાં સાક્ષી આપી શકે એવા સાક્ષીની ઓળખ યાદ રહેશે નહીં. તેથી માત્ર વિલંબ જ કારણદર્શક રજૂઆત કરવાની વાજબી તકના ઈનકાર સમાન ગણાશે. આ કુદરતી ન્યાયના સિદ્ધાંતોના ભંગ સમાન થશે અને પડકારાયેલ હુકમ માત્ર આ એક જ આધારે રદ થવો જોઈએ.

૨૦ પંજાબ રાજ્ય વિ. ચમન લાલ ગોયલ (ઉપરોક્ત) ના કેસમાં સર્વોચ્ચ અદાલતે નીચે મુજબ અવલોકન કર્યું છે:

૧૧. આ સંદર્ભમાં ધ્યાનમાં રાખવાના સિદ્ધાંતો આ અદાલતની બંધારણીય પીઠ દ્વારા એ. આર. અંતુલાય વિ. આર. એસ. નાયક અને અન્ય (૧૯૯૨ (૧) એસ. સી. સી. ૨૨૫) માં નિર્ધારિત કરવામાં આવ્યા છે. જોકે ઉક્ત મામલો ફોજદારી ફરિયાદ પક્ષ સંબંધિત હતો, તેમ છતાં તેમાં પ્રતિપાદિત સિદ્ધાંતો શિસ્તભંગ સંબંધિત કાર્યવાહી હાથ ધરવામાં થયેલા વિલંબ અંગેની દલીલ પર પણ વ્યાપક રીતે લાગુ પડે છે. ચુકાદાના પરિછેદ ૮૬ માં, આ અદાલતે તેમાં વિચારવામાં આવેલા વિવિધ નિર્ણયોમાંથી ઉદ્ભવતા પ્રસ્તાવોનો ઉલ્લેખ કરીને નોંધ્યું હતું કે "અંતે અદાલતે સંબંધિત અનેક પરિબળોનું સંતુલન સાધીને અને તેમનું તોલમાપ કરીને – સંતુલન કસોટી અથવા સંતુલન પ્રક્રિયા – પ્રત્યેક મામલે નક્કી કરવાનું રહે છે કે શું આપવામાં આવેલા મામલામાં ઝડપી ವಿಚಾರણાનો અધિકાર નકારવામાં આવ્યો છે કે નહીં". તેમજ એવો પણ નિર્ધાર કરવામાં આવ્યો છે કે સામાન્ય રીતે, જ્યાં અદાલત આ નિષ્કર્ષે પહોંચે છે કે આરોપીનો ઝડપી વિચારણાનો અધિકાર ભંગ થયો છે, ત્યાં આરોપો અથવા દોષિત ઠરાવ, જેમ લાગુ પડે તેમ, રદ કરવામાં આવશે. સાથે સાથે, એ પણ નોંધવામાં આવ્યું છે કે અદાલત માટે ઉપલબ્ધ એ જ એકમાત્ર માર્ગ નથી અને કોઈ નિર્ધારિત મામલામાં ગુનાની પ્રકૃતિ અને અન્ય પરિસ્થિતિઓ એવી હોઈ શકે કે કાર્યવાહી રદ કરવી ન્યાયના હિતમાં ન હોય. આવા મામલામાં, એવું અવલોકિત કરવામાં

આવ્યું છે કે, મામલાની પરિસ્થિતિઓમાં જે ન્યાયસંગત અને સમતાપૂર્ણ જણાય એવો અન્ય યોગ્ય હુકમ કરવાની સત્તા અદાલતને છે.

૨૧ આંધ્ર પ્રદેશ સરકાર વિ. અપ્પલા સ્વામી (ઉપરોક્ત)ના કેસમાં સર્વોચ્ચ અદાલતે એવો નિર્ધાર કર્યો છે કે જ્યાં સુધી આરોપિત કર્મચારી એ બતાવે અને સ્થાપિત ન કરે કે વિભાગીય તપાસની શરૂઆત કરવામાં તથા તેનો અંત લાવવામાં થયેલા વિલંબને કારણે તેને ગંભીર પૂર્વગ્રહ થયો છે, ત્યાં સુધી માત્ર વિલંબ અને પ્રમાદના આધાર પર વિભાગીય કાર્યવાહી રદ કરી શકાતી નથી. તેથી, અમારું મત એવું છે કે અપ્પલા સ્વામી (ઉપરોક્ત)ના કેસમાં માનનીય સર્વોચ્ચ અદાલતે કરેલ અવલોકન હાલના કેસના તથ્યો પર સંપૂર્ણપણે લાગુ પડે છે અને અપીલકર્તા વિરુદ્ધની તપાસ વિલંબના આધાર પર બગડેલી ગણાવી શકાય નહીં. તેથી, અરજદારના વિંદ્વાન વકીલ દ્વારા ઉઠાવવામા આવેલ આ દલીલમાં અમને કોઈ સાર જણાતો નથી. તપાસ અધિકારી ન્યાયિક અધિકારીઓના ગુણદોષનું મૂલવણ કરી શકતા નથી:

૨૨ શ્રી ગાંધી, અરજદાર તરફથી હાજર વિદ્વાન વકીલે દલીલ કરી છે કે વિભાગીય તપાસ અરજદાર દ્વારા લેવામાં આવેલ ન્યાયિક નિર્ણયોના આધારે શરૂ કરવામાં આવી છે અને તપાસ અધિકારી અરજદાર દ્વારા સંચાલિત ન્યાયિક કાર્યવાહીમાં ખામીઓ શોધવા માટે તે નિર્ણયો સામે અપીલમાં બેસી શકતા નથી. પોતાની દલીલને મજબૂત કરવા માટે તેમણે રમેશ પી. વાઘેલા વિ. ગુજરાત રાજ્ય અને અન્ય, (ઉપરોક્ત) તથા એસ.જે. પાઠક, ભૂતપૂર્વ એડિશનલ સેશન્સ જજ

વિ. ગુજરાત રાજ્ય અને અન્ય, (ઉપરોક્ત) ના નિર્ણયોના આધાર લીધો છે. પ્રથમ દ્રષ્ટિએ અરજદાર તરફથી હાજર વિદ્વાન વકીલની દલીલ આકષક જણાય છે, પરંતુ, ગહન તપાસ કરતાં તે ટકતી નથી. અરજદાર વિરુદ્ધ વિભાગીય તપાસ શરૂ કરવાનો આધાર તેમના દ્વારા લેવાયેલા ન્યાયિક નિર્ણયો નથી, એ કારણસર કે વિચારણા ન્યાયસંગત કારણોથી ભિન્ન હતી અને તેથી તેઓ ભ્રષ્ટ આચરણમાં પ્રવૃત્ત થયા હતા. અરજદાર સામે મૂકાયેલા આરોપો ગંભીર સ્વરૂપના છે, કારણ કે આરોપી કેશુ એભાભાઈ મેર અને જીવાભાઈ પંચાભાઈ રબારી વિરુદ્ધ સોનાની ગળાની ચેઇન છીનવી લેવાના ફોજદારી કેસોમાં, તપાસ અધિકારી પોલીસ ઇન્સ્પેક્ટર લક્ષ્મણ ખોડાજી કટારા સાથે મળતાવળમાં, કાર્યવાહી કરવામાં આવી હતી. પ્રક્રિયાત્મક કાયદા, પુરાવા અધિનિયમ તથા ભારતીય દંડ સંહિતાના સ્થિર સિદ્ધાંતોને બાજુએ મૂકી આ ફોજદારી કેસો ઉતાવળમાં નક્કી કરવામાં આવ્યા હતા. વધુમાં, મુદામાલ વસ્તુ, એટલે કે સોનાની ચેઇન, મૂળ ફરિયાદીને બતાવવામાં આવી નહોતી અને ફરિયાદ તથા પંચનામા જેવા મૂળ દસ્તાવેજો રજૂ કર્યા વિના, ચેઇન છીનવવાના ગંભીર કેસો ઉતાવળમાં નક્કી કરવામાં આવ્યા હતા. વધુમાં, અરજદારે જણાવેલા પોલીસ ઇન્સ્પેક્ટર શ્રી કટારા સાથે સાંઠગાંઠ કરીને આરોપી વ્યક્તિઓ પાસેથી કોઈ વાંધો નથી તેવી પુરીસ મેળવી, મુદામાલ સોનાની ચેઇનનો નિકાલ કર્યો હતો. આ આક્ષેપો સ્પષ્ટ રીતે દર્શાવે છે કે તપાસ અધિકારીને સોનાની ચેઇન છીનવવાના ફોજદારી કેસોની કાનૂનીતા કે અકાનૂનીતા નક્કી કરવા માટે નહીં, પરંતુ અરજદારે ભારતીય પુરાવા અધિનિયમ, ફોજદારી પ્રક્રિયા સંહિતા અને ભારતીય દંડ સંહિતાના સ્થાપિત

સિદ્ધાંતોને અવગણીને તે ફોજદારી કેસો નક્કી કર્યા હતા કે કેમ તે શોધવા માટે તપાસ આરંભવામાં આવી હતી. તેથી, અરજદાર એ રીતે કહી શકતા નથી કે તપાસ અધિકારી અરજદાર દ્વારા લેવાયેલા ન્યાયિક નિર્ણયોની સામે અપીલમાં બેસી રહ્યા હતા. અરજદાર તરફથી હાજર વિદ્વાન વકીલે ઉલ્લેખેલા ઉપરોક્ત નિર્ણયોમાં પ્રતિપાદિત કાનૂની સિદ્ધાંત નિર્વિવાદ રીતે સ્થાપિત કાયદો છે, પરંતુ હકીકતો પરથી જ્યારે સ્પષ્ટ થાય છે કે વિભાગીય તપાસ અરજદાર દ્વારા લેવાયેલા ન્યાયિક નિર્ણયમાં ખામીઓ શોધવા માટે શરૂ કરવામાં આવી નહોતી, ત્યારે દર્શાવાયેલા ચુકાદાઓમાં પ્રતિપાદિત અનુપાત વર્તમાન કેસની હકીકતો પર લાગુ પડતો નથી. દસ્તાવેજોની ફોટોકોપીઓ દર્શાવવી:

૨૩ શ્રી ગાંધી, અરજદાર પક્ષના વિદ્વાન વકીલ, દ્વારા ઉઠાવવામાં આવેલ આગામી દલીલ અંગે કે મૂળ દસ્તાવેજોની ફોટોકોપીઓ આંક તરીકે રજૂ કરી શકાય અને જ્યારે અરજદારે ફરિયાદ તથા પંચનામાની ફોટોકોપીઓ આરોપી પક્ષના વિદ્વાન વકીલની સંમતિથી આંક તરીકે રજૂ કરી હતી, ત્યારે તેમાં કોઈ ગેરકાયદેસરતા કે અનિયમિતતા નથી, તે વાત સાચી છે અને આ અદાલતના દલવાડી ગોવિંદભાઈ અમરશીભાઈ વિ. ગુજરાત રાજ્ય (ઉપરોક્ત) કેસના ચુકાદામાં પ્રતિપાદિત સિદ્ધાંત તેમજ ફોજદારી માર્ગદર્શિકાના પરિચ્છેદ ૧૬૧(૧) ને ફોજદારી કાર્યરીતિ સંહિતા, ૧૯૭૩ ની કલમ ૨૯૪ સાથે વાંચીએ ત્યારે તે બાબતે કોઈ વિવાદ રહી શકતો નથી. ઉપરોક્ત ચુકાદો અરજદારના કેસને મદદરૂપ થઈ શકતો નથી, કારણ કે ત્યાં દલીલ એવી હતી કે એફ.એસ.એલ.ના

અહેવાલની ફોટોકોપી પર અદાલત આધાર રાખી શકતી નહોતી. તે દલીલ એ આધાર પર નકારી કાઢવામાં આવી હતી કે નીચલી અદાલતમાં જ્યારે ફોટોકોપી રજૂ કરવામાં આવી ત્યારે તેના ઉત્પાદનને પડકારવામાં આવ્યું નહોતું કે તેનો વિરોધ કરવામાં આવ્યો નહોતો. તેમ છતાં, જ્યારે અરજદાર વિરુદ્ધ મૂકાયેલા આરોપો એવા છે કે અરજદારે પી.આઈ. શ્રી કટારા સાથે સાંઠગાંઠ કરીને સોનાની ચેઈન ખેંચી લેવાના કેસોમાં નિર્ણય કરવામાં અયોગ્ય ઉતાવળ દર્શાવી હતી, ત્યારે તપાસ દરમિયાન અરજદારે એ દર્શાવવું આવશ્યક હતું કે ફરિયાદ અને પંચનામાની મૂળ નકલો નોંધમાં લાવવા માટે તેણે વાજબી પ્રયત્નો કર્યા હતા. તેમ છતાં, તે નોંધમાં લાવવામાં આવી શકી નહોતી અને તેથી આરોપી પક્ષના વકીલની સંમતિથી ફોટોકોપીઓ આંક તરીકે રજૂ કરવામાં આવી હતી. ફરિયાદ અને પંચનામાની મૂળ નકલો મેળવવા માટે અરજદાર દ્વારા કોઈ વાજબી પ્રયત્ન કરવામાં આવ્યો હોવાનું ન હોય, ત્યારે અરજદારે આરોપી પક્ષના વકીલ, જાહેર અભિયોજક અને પોલીસ ઈન્સ્પેક્ટર શ્રી કટારા સાથે મળી સોનાની ચેઈન ખેંચી લેવાના ગંભીર ફોજદારી કેસોનો નિકાલ કરવા હાથ મિલાવ્યો હતો એવો આરોપ વધુ મજબૂત બને છે, અને એવું કહી શકાય નહીં કે મૂળ દસ્તાવેજોની ફોટોકોપીઓ આરોપી વ્યક્તિઓની સંમતિથી આંક તરીકે રજૂ કરી શકાય અને તેથી અરજદાર વિરુદ્ધ કોઈ ગેરકાયદેસરતા અથવા અનિયમિતતાનો આક્ષેપ કરી શકાય નહીં. ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ ૧૫૬(૩) હેઠળ સમન્સ જારી કરવાની મેજિસ્ટ્રેટની સત્તા:

૨૪ અરજદાર તરફથી વિદ્વાન વકીલ શ્રી ગાંધી દ્વારા કરાયેલ દલીલ એવી છે કે, કાયદાની સ્થાપિત વિધિ મુજબ, જે ૨૦૦૧ ૧ જીએલએચ ૧૭૦ (એસસી) માં અહેવાલિત કેસમાં નિર્ધારિત કરવામાં આવી છે, તે પ્રમાણે મેજિસ્ટ્રેટ પોતાની અધિકારક્ષેત્રમાં આવતાં પોલીસ મથકના પોલીસ મથકના ઇન્ચાર્જને સંહિતાની કલમ ૧૫૬(૩) હેઠળ તપાસ કરવાનો હુકમ આપી શકે છે. તેથી, તેમણે એવી દલીલ કરી છે કે, મૂળ ફરિયાદીએ ઉપલેટા પોલીસ મથક દ્વારા તેને સોનાની ચેઈનની બદલે આપવામાં આવેલી નકલી વસ્તુઓ અંગે કરેલી ફરિયાદ પર ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ ૧૫૬(૩) હેઠળ ગુનાની તપાસ કરવા ઉપલેટા પોલીસ મથકના ઇન્ચાર્જ પોલીસને નિર્દેશ આપતાં અરજદારે કોઈ ગેરકાયદેસરતા અથવા અનિયમિતતા કરી નહોતી.

૨૫ આ અદાલત દ્વારા સી.બી.આઈ. થ્રૂ સુપરિન્ટેન્ડન્ટ ઑફ પોલીસ વિ. સ્ટેટ ઑફ ગુજરાત એન્ડ અન્ર., (સુપ્રા) ના કેસમાં નિર્ધારિત સિદ્ધાંત અરજદારને સહાયરૂપ થતો નથી, કારણ કે તેમાં સીબીઆઈ તપાસનો હુકમ સંબંધિત પોલીસ સ્ટેશનના ઇન્ચાર્જને દિશાનિર્દેશ આપવાના બદલે સંબંધિત મેજિસ્ટ્રેટે આપ્યો હતો. જ્યારે હાલના કેસમાં, ઉપર નોંધ્યા મુજબ, તેવા પોલીસ સ્ટેશનના પી.આઈ. વિરુદ્ધ આક્ષેપો કરવામાં આવ્યા હતા, જેના અધિકારક્ષેત્રની અંદર સોનાની ચેઈનને નકલની સોનાની ચેઈનથી બદલી નાખવામાં આવી હોવાનો આક્ષેપ હતો, અને તેથી અરજદારે કેસની તપાસ કરવા માટે કોઈ વરિષ્ઠ અધિકારીને દિશાનિર્દેશ આપવો જોઇતો હતો. વધુમાં, સી સમરી અહેવાલ રજૂ

થયા બાદ, માત્ર મૂળ ફરિયાદી દ્વારા આપવામાં આવેલી પુર્ષિસ પર આધાર રાખવાને બદલે, હકીકતમાં ગુનાઓ પ્રગટ થાય છે કે કેમ તે જાણવા માટે અરજદારે પોતાનું ન્યાયિક મન સ્વતંત્ર રીતે લાગુ કરવું જોઈતું હતું.

૨૬ આ સંદર્ભે, સામાવાળા નં. ૨ના વિદ્વાન વકીલ દ્વારા અવલંબિત એમ/એસ ઈન્ડિયા કૅરેટ પ્રા. લિ. વિ. કર્ણાટક રાજ્ય અને અન્ય, ૧૯૮૯ એસસી ૮૮૫ ના કેસમાં સર્વોચ્ચ અદાલતના નિર્ણયમાં માનનીય સર્વોચ્ચ અદાલતે નીચે મુજબ ઠરાવ્યું છે:.

૧૬. તેથી, હવે કાયદેસર સ્થિતિ સુસ્થાપિત છે કે કલમ ૧૭૩(૨) હેઠળ પોલીસ અહેવાલ પ્રાપ્ત થયા પછી, પોલીસ અહેવાલમાં આરોપી વિરુદ્ધ કોઈ કેસ બનતો નથી એવો અભિપ્રાય દર્શાવવામાં આવ્યો હોય તોય, મેજિસ્ટ્રેટને સંહિતાની કલમ ૧૯૦(૧)(બી) હેઠળ ગુનાનો સંજ્ઞાન લેવા હકદાર ગણવામાં આવે છે. તપાસ દરમિયાન પોલીસે તપાસેલા સાક્ષીઓના નિવેદનોને મેજિસ્ટ્રેટ ધ્યાનમાં લઈ શકે છે અને જે ગુનાની ફરિયાદ કરવામાં આવી હોય તેનો સંજ્ઞાન લઈ આરોપી સામે પ્રક્રિયા જારી કરવાનો હુકમ આપી શકે છે. કલમ ૧૯૦(૧)(બી)માં એવું ઠેરવવામાં આવેલ નથી કે તપાસ અધિકારી એવો અભિપ્રાય આપે કે તપાસમાં આરોપી વિરુદ્ધ કેસ બન્યો છે ત્યારે જ મેજિસ્ટ્રેટ ગુનાનો સંજ્ઞાન લઈ શકે. તપાસ અધિકારીએ પહોંચેલા નિષ્કર્ષને મેજિસ્ટ્રેટ અવગણી શકે છે અને તપાસમાંથી પ્રકાશમાં આવેલા તથ્યો પર સ્વતંત્ર રીતે પોતાનું મન લાગુ કરીને, યોગ્ય માને તો, કલમ ૧૯૦(૧)(બી) હેઠળની પોતાની સત્તાનો ઉપયોગ કરીને કેસનો

સંજ્ઞાન લઈ શકે છે અને આરોપી સામે પ્રક્રિયા જારી કરવાનો નિર્દેશ આપી શકે છે. આવી પરિસ્થિતિમાં, કલમ ૧૯૦(૧)(એ) હેઠળ કેસનો સંજ્ઞાન લેવા માટે સંહિતાની કલમો ૨૦૦ અને ૨૦૨માં નિર્ધારિત પ્રક્રિયાનું અનુસરણ કરવું મેજિસ્ટ્રેટ માટે બાંયધરીરૂપ નથી, જોકે તેને કલમ ૨૦૦ અથવા કલમ ૨૦૨ હેઠળ પણ કાર્યવાહી કરવાનો વિકલ્પ ખુલ્લો છે. તેથી, બીજા સામાવાળા વિરુદ્ધ કેસ નોંધવાનો નિર્દેશ આપવા તથા તેને સમન્સ જારી કરવાનો હુકમ આપવા માટે દ્વિતીય અતિરિક્ત મુખ્ય મેટ્રોપોલિટન મેજિસ્ટ્રેટ હકદાર નહોતો એવો દૃષ્ટિકોણ અપનાવવામાં વડી અદાલતથી ભૂલ થઈ હતી.

આ રીતે, કાયદાના આ સિદ્ધાંત અંગે કોઈ વિવાદ થઈ શકે તેમ નથી કે મેજિસ્ટ્રેટ પોતાના અધિકારક્ષેત્ર હેઠળ આવતાં પોલીસ મથક સિવાયની અન્ય કોઈ એજન્સીને તપાસ કરવાનો નિર્દેશ આપી શકતા નથી, છતાં અરજદાર વિરુદ્ધ વિભાગીય તપાસ આ આક્ષેપોના આધારે શરૂ કરવામાં આવી નહોતી કે તેમણે તપાસ ઉપલેટા પોલીસ મથકને સોંપી હતી અને શ્રી કટારા વિરુદ્ધ ગંભીર આક્ષેપો હતા. એવું જણાય છે કે તપાસ અધિકારીએ પોતાના નિષ્કર્ષોને સમર્થન આપવા માટે આ હકીકતનો ઉલ્લેખ તપાસ અહેવાલમાં આકસ્મિક રીતે કર્યો છે અને તેથી, કારણ કે આ મુદ્દે અરજદાર વિરુદ્ધ કોઈ આરોપ ન હતો, અમને એવું લાગતું નથી કે આ સંદર્ભમાં તપાસ અધિકારીના અવલોકનો અરજદારને કોઈ રીતે ઉપયોગી થશે.

મુદ્દામાલ પરત આપવો: ૨૭ મુદ્દામાલ મિલકતને ફોજદારી પ્રક્રિયા સંહિતાની કલમ ૪૫૨ હેઠળ મુદ્દામાલ વસ્તુઓના મૂલ્યના દોઢ ગણાં મૂલ્યની સુરક્ષા પૂરી પાડવાની શરતે મૂળ ફરિયાદીને સોંપી દેવાનો હુકમ કરવામાં આવ્યો હતો અને તેથી કમલેશભાઈ બી. મહેતા વિ. રજિસ્ટ્રાર, વડી અદાલત ઓફ ગુજરાત અને અન્ય, ૨૦૦૪ ૩ જીએલઆર ૨૨૯૦ ના નિર્ણયને ધ્યાનમાં લેતાં અરજદાર દ્વારા કોઈ ગેરકાયદેસરતા અથવા અનિયમિતતા કરવામાં આવી હોવાનું કહી શકાય નહીં, એવો વિવાદ છે. ઉક્ત કેસમાં ત્યાંના અરજદાર પરીક્ષણકાળના ન્યાયિક અધિકારી હતા, જેમણે મુદ્દામાલ પરત કરવાનો હુકમ સમગ્ર મૂલ્ય માટે વસૂલયોગ્ય જામીનદાર આપવાની અને અદાલત જ્યારે પણ માંગે ત્યારે માલસામાન પરત આપવાનો ફરિયાદી પાસેથી બાંહેધરીપત્ર લેવાની એવી બે શરતો મૂકી કરીને કર્યો હતો. હાઈકોર્ટે, પોતાની વહીવટી બાજુએ, તેમના વિરુદ્ધ ખાતાકીય તપાસ હાથ ધરી અને ત્યાંના અરજદારને બલાત્કૃત નિવૃત્તિનો હુકમ કર્યો. જ્યારે તે જ હુકમને રિટ અરજિ દાખલ કરીને પડકારવામાં આવ્યો, ત્યારે આ અદાલતે બલાત્કૃત નિવૃત્તિનો હુકમ રદ કર્યો અને ત્યાંના અરજદારને તમામ અનુસંગિક લાભો સાથે સેવામાં પુનઃસ્થાપિત કર્યા. ઉક્ત નિર્ણયમાં, પરિચ્છેદ ૧૨.૯ માં આ અદાલતે નીચે મુજબ અવલોકન કર્યું છે:

૧૨.૯ તેમના વિરુદ્ધ ગુનાઓ આચરાયા હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો હોય ત્યારે કોઈપણ અધિકારીઓને કાયદાથી કોઈ મુક્તિ નથી. સરકારી અધિકારીઓ વિરુદ્ધ ગુનાઓના આક્ષેપવાળી કોઈપણ ફરિયાદ ગ્રાહ્ય રાખવી જ નહીં, એવો

પ્રસ્તાવ જોખમી ગણાય. જ્યારે કોઈ અધિકારી વિરુદ્ધ ગેરકાયદેસર ચેડાં કરવાના અથવા જપ્ત કરાયેલા માલની ગેરવહેચાટ અથવા ગેરઉપયોગ દ્વારા રૂપાંતરિત કરવાના આક્ષેપ હોય, ત્યારે આવા કૃત્યો તેમની ફરજોના અમલ અથવા બજવણી દરમિયાન થયેલા ગણાતા નથી. સર્વોચ્ચ અદાલતે બી. સાહા વિ. એમ.એસ. કોચર, અહેવાલિત (૧૯૭૯) ૪ એસ.સી.સી. ૧૭૭ માં, ફોજદારી પ્રક્રિયા સંહિતાની કલમ ૧૯૭ ની જોગવાઈઓના સંદર્ભમાં એવું ઠરાવ્યું છે કે કસ્ટમ્સ અધિકારીઓ દ્વારા આયાતી માલની જપ્તી કરવી અને તે રીતે તે માલ તેમની સોંપણીમાં આવવો તથા તેમના નિયંત્રણ હેઠળ રહેવું, તેમનો સત્તાવાર ફરજ બજાવતાં થયેલો કૃત્ય હતો, છતાં તેઓ દ્વારા અનુવર્તી રીતે કરાયેલા બેમાનીપૂર્વકના ગેરવહેચાટ અથવા માલના ગેરઉપયોગ દ્વારા રૂપાંતરણના જે કૃત્યો અંગે ફરિયાદ કરવામાં આવી હતી, તેના સ્વરૂપ અથવા ગુણધર્મમાં એવું કશું નહોતું કે જેને સત્તાવાર પાત્રતા લાગુ પડે અથવા તેનો અંશ માનવો પડે. તે કેસમાં, ફરિયાદીએ આક્ષેપ કર્યો હતો કે કસ્ટમ્સ અધિકારીઓએ તેમના દ્વારા જપ્ત કરાયેલા માલની સીલ સાથે ગેરકાયદેસર ચેડાં કરીને અને સીલ તોડી, તેમાંથી અમુક માલ કાઢી લઈ તથા વધુમાં તેમની સ્થિતિનો દુરુપયોગ કરીને શોધ વોરંટના બહાને ફરિયાદીની કેટલીક વ્યક્તિગત વસ્તુઓ જપ્ત કરીને અને તે માલને ગેરકાયદેસર રીતે રાખીને, ભારતીય દંડ સંહિતાની કલમો ૧૨૦–બી, ૧૬૬, ૪૦૯ હેઠળ ગુનાઓ આચર્યા હતા. સર્વોચ્ચ અદાલતે એવું ઠરાવ્યું કે ગેરવહેચાટ અથવા ગેરઉપયોગ દ્વારા રૂપાંતરણનું આક્ષેપિત કૃત્ય અપીલકર્તા–કસ્ટમ્સ અધિકારીઓએ ધારિત પદની છત્રછાયાથી યુક્ત હતું એવું યુક્તિસંગત

રીતે કહી શકાય નહીં. સામાન્ય રીતે, ભારતીય દંડ સંહિતાની કલમ ૪૦૯ હેઠળના કેસમાં, સત્તાવાર હેસિયત માત્ર "સોંપણી" સાથેના સંબંધમાં જ મહત્વની હોય છે અને ફરિયાદ કરાયેલા અનુવર્તી ગેરવહેંચાટ અથવા ગેરઉપયોગ દ્વારા રૂપાંતરણના કૃત્યમાં અનિવાર્ય રીતે પ્રવેશતી નથી. હાલના કેસમાં પણ, ફરિયાદીએ સિવિલ સપ્લાય અધિકારીઓએ તેમની સ્થિતિનો દુરુપયોગ કરીને અને બંદૂકની અણી પર માલ દૂર કર્યો તથા પિપાઓમાંથી તેલની ચોરી કરી હોવાના ગંભીર આક્ષેપો કર્યા હતા. આ કારણસર મેજિસ્ટ્રેટ શ્રી આર.જી. ચૌધરીએ ૧૯–૧૦–૧૯૮૨ ના રોજ સંહિતાની કલમ ૧૫૬(૩) હેઠળ તપાસનો હુકમ આપ્યો હતો. તે તપાસ દરમિયાન જ મુદામાલ પોલીસ દ્વારા જપ્ત કરવામાં આવ્યો હતો અને તેથી ફરિયાદીએ સંહિતાની કલમ ૪૫૭ હેઠળ મુદામાલ પરત મેળવવા માટે આંક ૫ ની અરજી કરી હતી, કારણ કે તે અદાલત સમક્ષ રજૂ કરવામાં આવ્યો નહોતો, અને તેમાં દર્શાવ્યું હતું કે ૪૫ તેલના પિપા પોલીસ દ્વારા જપ્ત કરવામાં આવ્યા હતા તથા માલ નાશવંત સ્વભાવનો હોવાને ધ્યાનમાં લઈ તે ફરિયાદીને પરત આપવાનો પ્રાર્થનાપત્ર કર્યો હતો. ફરિયાદમાં પહેલેથી જ જણાવાયું હતું કે સિવિલ અદાલતે આરોપીગણને મુદામાલને જપ્ત ગણતાં વર્તવાથી તથા ફરિયાદીને માલ સાથે વ્યવહાર કરતાં અટકાવવાથી નિવારવા માટે અંતરિમ મનાઈહુકમ મંજુર કરી હતી. આ પૃષ્ઠભૂમિમાં, ૨૬–૧૦–૧૯૮૨ ના રોજ આંક ૫ પર મેજિસ્ટ્રેટ શ્રી એચ.એમ. પ્રજાપતિ દ્વારા કરવામાં આવેલા હુકમથી પોલીસ અહેવાલ મંગાવવામાં આવ્યો અને દોષિત અધિકારીએ સંહિતાની કલમ ૪૫૭ હેઠળ હુકમ કર્યો, જેમાં તેણે ફરિયાદી તરફથી ઉઠાવવામાં

આવેલા આ તર્કોનું વિચારણ કર્યું કે જપ્ત કરાયેલા ૪૫ પિપા મગફળીના તેલનો મુદામાલ છોટીલા ખાતે સિવિલ સપ્લાયઝ વિભાગના ગોડાઉનમાં પડેલો હતો, તે વીસ દિવસ અગાઉ જપ્ત કરવામાં આવ્યો હતો, અને મુદામાલ બગડી જવાની શક્યતા હતી. તેણે શ્રી એચ.એમ. પ્રજાપતિ દ્વારા ૨૬-૧૦-૧૯૮૨ ના હુકમથી મંગાવવામાં આવેલા પોલીસ અહેવાલનું પણ વિચારણ કર્યું, જેમાં એમ.સી. નં. ૭૬ ઓફ ૧૯૮૨ માં આક્ષેપિત ભારતીય દંડ સંહિતાની કલમો ૧૬૬, ૩૯૦, ૩૯૧, ૩૪, ૧૧૪ સંબંધિત ગુનાઓ અંગે પોલીસ દ્વારા મુદામાલરૂપ તેલના પિપાઓ જપ્ત કરવામાં આવ્યા હતા અને રૂપિયા ૧ લાખ મૂલ્યનો મુદામાલ હતો, તે હકીકતો સ્પષ્ટપણે દર્શાવવામાં આવી હતી. તેથી, દોષિત પ્રોબેશનર, જેણે સ્વીકાર્ય રીતે માંડ દસ મહિનાની સેવા બજાવી હતી, તેણે સંહિતાની કલમ ૪૫૭ હેઠળની પોતાની સત્તાનો ઉપયોગ કર્યો, જે સત્તાનો ઉપયોગ તે સર્વોચ્ચ અદાલતના રમેશ્વર રાઠોડ (ઉપરોક્ત) ના નિર્ણયના અનુપાત પરથી કરી શકતો હતો કે આવશ્યક ચીજવસ્તુઓ અધિનિયમ, ૧૯૫૫ ની કલમો ૬એ અને ૭ માં વપરાયેલી ભાષાને ધ્યાનમાં લેતાં, આવી અરજી ગ્રાહ્ય રાખવા માટે ફોજદારી અદાલતોની અધિકારિતા સંપૂર્ણપણે દૂર કરવામાં આવી નહોતી; અને તેણે રૂપિયા ૧ લાખ મૂલ્યના સમગ્ર મુદામાલ તેલ માટે, જેમ પોલીસ અહેવાલમાં દર્શાવાયું હતું, ઉગારપાત્ર જામીનગીરી આપવાની તથા ફરિયાદી પાસેથી અદાલત જ્યારે અને જેમ જરૂરી ઠરાવે ત્યારે માલ પરત આપવાનો બાંહેધરીનામું લેવાની બે અગત્યની શરતો લાદી સાવચેતી રાખતાં મુદામાલ પરત કરવાનો હુકમ કર્યો. આ સંપૂર્ણપણે ન્યાયિક હુકમ હતો અને જો તે ભૂલસભર જણાત, તો તેનો ન્યાયિક

રીતે સુધાર કરી શકાય તેમ હતો, અને તેમાંથી એવો કોઈ તારણ કાઢવાનું વોરંટ મળતું નહોતું કે “અર્થાત્ દોષિત વ્યક્તિ ભ્રષ્ટ આચરણનો તેમજ ન્યાયિક કાર્યો બજવતાં ફરજચ્યુતિનો દોષી હતો અને તેણે ન્યાયિક અધિકારીને અયોગ્ય એવી રીતે વર્તન કર્યું હતું”, જેમ શિસ્તસત્તા દ્વારા તારવવામાં આવ્યું.

હાલના કેસમાં, આ બાબતે કોઈ વિવાદ નથી કે અરજદારે મુદ્દામાલ સોનાની ચેઈન મૂળ ફરિયાદીને સોંપવાનો હુકમ કર્યો નહોતો, પરંતુ અરજદાર વિરુદ્ધનો આક્ષેપ એ છે કે ફોજદારી કેસોની સુનાવણી દરમિયાન ઓળખ માટે વાસ્તવિક મુદ્દામાલ સોનાની ચેઈન મૂળ ફરિયાદીને બતાવવામાં આવી નહોતી. સમગ્ર સમયગાળા દરમિયાન મુદ્દામાલ સોનાની ચેઈન સંબંધિત પોલીસ સ્ટેશન પાસે જ હતી અને જ્યારે અરજદારે મુદ્દામાલ સોંપવા બાબત કર્યો તે હુકમના આધારે ફરિયાદી મુદ્દામાલનો કબ્જો લેવા ઉપલેટા પોલીસ સ્ટેશન ગયો, ત્યારે તેને નકલી સોનાની ચેઈન આપવામાં આવી, કારણ કે સ્વીકાર્ય રીતે સમગ્ર સમયગાળા દરમિયાન મુદ્દામાલ સોનાની ચેઈન, જે અદાલતની કસ્ટડીમાં હોવી જોત હતી, હકીકતમાં પોલીસ સ્ટેશનમાં જ પડેલી હતી. તેમ હોય છતાં, જો અપીલકર્તાએ ઓળખ માટે ફરિયાદીના પુરાવા સમયે મુદ્દામાલ સોનાની ચેઈન મંગાવી હોત, તો અદાલતના ધ્યાન પર આ વાત આવી હોત કે સોનાની ચેઈન બદલીને નકલી સોનાની ચેઈન મુકવામાં આવી છે અને તે સંદર્ભે જરૂરી આગળની કાર્યવાહી કરવામાં આવી હોત. સમગ્ર સમયગાળા દરમિયાન વિભાગનો કેસ એવો રહ્યો છે કે અરજદાર તપાસ અધિકારી, પી.આઈ. શ્રી કટારા

અને આરોપી સાથે સાંઠગાંઠમાં હતો અને તેથી આ ગંભીર બેદરકારી બની છે. તેથી, અમારું મત છે કે આ દલીલ ગેરસમજપૂર્ણ છે અને તે અરજદારને કોઈ મદદરૂપ થઈ શકે તેમ નથી. વધુમાં, જ્યારે મૂળ ફરિયાદીએ તેને નકલી સોનાની ચેઈન આપવામાં આવી હોવા બાબતે લેખિત ફરિયાદ કરી, ત્યારે અરજદારે દં.પ્ર.સં.ની કલમ ૧૫૬(૩) હેઠળ તપાસનો હુકમ કર્યો અને પોલીસ સ્ટેશનના પ્રભારીને તપાસ કરવાની દિશા આપી. પોલીસ સ્ટેશનના પ્રભારી પી.આઈ. શ્રી કટારા જ હતા, જેમણે અદાલતમાં 'સી' સમરી રજૂ કરી. આ બાબત ધ્યાનમાં રાખવી જરૂરી છે કે અપીલકર્તા વિરુદ્ધનો આક્ષેપ એ છે કે શ્રી કટારા સાથેની સાંઠગાંઠમાં ફોજદારી કેસો ઉતાવળમાં પૂર્ણ કરવામાં સહભાગી બનવાનો છે. તેથી, શ્રી કટારા ઉપરી ઉપરી તપાસ કરશે અને 'સી' સમરી રજૂ કરશે તે સ્પષ્ટ જ હતું. એટલું જ નહીં, 'સી' સમરી અહેવાલ રજૂ થયા પછી ફરિયાદીએ, કેટલીક કારણસર, એક પુરશીસ આપી એવી ઘોષણા કરી કે જો અદાલત 'સી' સમરી અહેવાલ સ્વીકારી લે તો તેને કોઈ વાંધો નથી. તેથી આ દલીલ ગેરસમજપૂર્ણ છે અને તે અરજદારને કોઈ મદદરૂપ થઈ શકે તેમ નથી.

તપાસમાં સાક્ષીઓની તપાસ ન કરવી:

૨૮ અરજદારની આ દલીલ અંગે કે તેની વિરુદ્ધ ચલાવવામાં આવેલી વિભાગીય તપાસ કોઈપણ સાક્ષીની તપાસ ન થવાના આધારે દૂષિત બને છે, શ્રી ગાંધીએ આ અદાલતના અશોકકુમાર દૂધાભાઈ ડાભી વિ. ધોળકા નગરપાલિકા, ૨૦૦૩

જેક્સ (ગુજ) ૧૨૯૨ ના નિર્ણય પર આધાર મૂક્યો છે, જેમાં પરિછેદ ૭ માં આ અદાલતના વિદ્વાન એકલ ન્યાયાધીશે નીચે મુજબ અવલોકન કર્યું છે:

૭. ઉપર ઉલ્લેખિત ત્રણ કેસોમાં સર્વોચ્ચ અદાલતે કરેલ ઉપરોક્ત અવલોકનોને તેમજ સર્વોચ્ચ અદાલત અને આ અદાલતે અપનાવેલ દ્રષ્ટિકોણને ધ્યાનમાં લેતા, અને હાલના કેસના અભિલેખ પર રહેલ નિર્વિવાદ હકીકતોનું અવલોકન કરતા, સ્પષ્ટ થાય છે કે અરજદાર સામે ચાર્જશીટ જારી કર્યા પછી અને અરજદાર દ્વારા જવાબ રજૂ કર્યા બાદ, વહીવટકર્તા દ્વારા તપાસ અધિકારીની નિમણૂક કરવામાં આવી હતી, પરંતુ ખાતાકીય તપાસમાં અરજદાર સામેના આરોપને સાબિત કરવા માટે અરજદારની હાજરીમાં કોઈપણ વ્યક્તિની પૂછપરછ કરવામાં આવી નહોતી અને આરોપ સાબિત કરવા માટે કોઈપણ વ્યક્તિ/સાક્ષીની પૂછપરછ કર્યા વિના, તપાસ અધિકારીએ સીધો જ જવાબ અને સંબંધિત દસ્તાવેજોની તપાસ કરીને આ નિષ્કર્ષ પર પહોંચ્યા કે અરજદાર સામે લગાવવામાં આવેલ આરોપ સાબિત થયેલ છે. તેથી, તપાસનું સ્વરૂપ અથવા તપાસ ચલાવવાની રીત કુદરતી ન્યાયના સિદ્ધાંતના વિરુદ્ધ છે અને ખાતાકીય તપાસ દરમિયાન અરજદારને કોઈ વાજબી તક આપવામાં આવી નથી. તેથી, મારા મત અનુસાર, સમગ્ર ખાતાકીય તપાસ કુદરતી ન્યાયના સિદ્ધાંતના વિરુદ્ધ હોવાને કારણે દૂષિત બને છે અને તેના પરિણામે, સામાવાળાઓને જો તેઓ ઇચ્છે તો નવી ખાતાકીય તપાસ હાથ ધરવા સક્ષમ બનાવવા માટે, તા. ૧૬મી

નવેમ્બર, ૧૯૯૯નો બરતરફીનો હુકમ ફક્ત તે જ આધાર પર રદ કરવો જરૂરી બને છે.

હાજર મામલામાં, અરજદાર વિરુદ્ધ આરંભવામાં આવેલી તપાસ સંપૂર્ણપણે દસ્તાવેજી પુરાવા પર આધારિત હતી અને તેથી અરજદાર વિરુદ્ધના આરોપને સાબિત કરવા માટે સાક્ષીઓની પૂછપરછ ન થવી વિભાગીય કાર્યવાહી માટે પ્રાણઘાતક ગણાવી શકાય નહીં. આ ચુકાદામાં પ્રતિપાદિત સિદ્ધાંત અરજદારને મદદરૂપ થઈ શકે નહીં, કારણ કે તે મામલામાં વિભાગીય તપાસ સંપૂર્ણપણે દસ્તાવેજી પુરાવા પર આધારિત નહોતી.

૨૯ આ દલીલ કે પ્રાકૃતિક ન્યાયના સિદ્ધાંતોનું પાલન કરવામાં આવ્યું નથી, કારણ કે તપાસ અધિકારીએ કારણદર્શક નોટિસ અંગે અરજીકર્તાએ આપેલો જવાબ ચર્ચ્યો નથી તથા વિભાગે અંતિમ કારણદર્શક નોટિસના જવાબને અંતિમ નિર્ણયમાં ધ્યાનમાં લીધો નથી, તે પણ યોગ્ય નથી. તપાસ અહેવાલના અવલોકનથી સ્પષ્ટ થાય છે કે અરજીકર્તા તરફથી રજૂ કરાયેલ જવાબ તેમજ દલીલો તપાસ અધિકારીએ વિચારણામાં લીધી છે, જે તપાસ અહેવાલમાં પ્રતિબિંબિત થાય છે. વડી અદાલતનો અંતિમ નિર્ણય પણ દર્શાવે છે કે અંતિમ નિષ્કર્ષે પહોંચતાં પહેલાં જવાબ ધ્યાનમાં લેવામાં આવ્યો હતો. તેથી, આ દલીલમાં કોઈ સાર નથી અને તે નામંજૂર થવા પાત્ર છે.

૩૦ અરજદારની તરફથી જોરશોરથી દલીલ કરવામાં આવે છે કે અરજદારને વર્ષ ૨૦૦૯માં વિભાગીય તપાસ કેસ ક્રમાંક ૨૦ ઓફ ૨૦૦૨ના સંબંધમાં પહેલેથી જ

બરતરફ કરવામાં આવ્યા હતા અને તેથી તપાસ કેસ ક્રમાંક ૧૯ ઓફ ૨૦૦૨માં અરજદારની હાલની બરતરફી મનોમંથનના અભાવથી થયેલી અને પ્રથમદ્રષ્ટિએ ગેરકાયદેસર છે; આ દલીલ સાધારણ કારણસર સ્વીકારી શકાય તેવી નથી, કારણ કે તપાસ કેસ ક્રમાંક ૨૦ ઓફ ૨૦૦૨માં બરતરફીનો હુકમ વિશેષ સિવિલ એપ્લિકેશન ક્રમાંક ૯૦૭૯ ઓફ ૨૦૦૯માં પડકારનો વિષય છે અને તેથી પ્રથમ બરતરફી વિરુદ્ધની અરજી હજી આ અદાલત સમક્ષ બાકી હોવાથી, બીજી તપાસમાં થયેલી બરતરફી ગેરકાયદેસર હતી એવું કહી શકાય નહીં.

૩૧ શ્રી ગાંધીની આ છેલ્લી દલીલ અંગે કે ન્યાય કરતો ન્યાયાધીશ ભૂલ કરવાની સંભાવના ધરાવે છે, અરજદાર તરફથી વિદ્વાન વકીલે આધાર રાખેલા કે.પી. તિવારી વિ. મધ્ય પ્રદેશ રાજ્ય (ઉપરોક્ત) ના નિર્ણયના સંદર્ભમાં, વર્તમાન મામલે અમારું મત છે કે અરજદારે કરેલ દુરાચરણ અનિચ્છિત ભૂલ નથી અને ન તો તે તેની તરફથી અનુભવના અભાવને કારણે થયેલું છે. તપાસ દરમિયાન નોંધ પર આવેલ પુરાવા સ્પષ્ટ રીતે દર્શાવે છે કે અરજદારે શ્રી કટારા, પી.આઈ. સાથેની મિલીભગતથી સોનાની ચેઇન ઝૂંટવી લેવાના ગંભીર કેસોનો નિકાલ કરવામાં સ્થાપિત કાનૂની સિદ્ધાંતોને અવગણીને અશોભનીય ઉતાવળ દર્શાવી હતી.

૩૧ ન્યાયાધીશો, તેઓ જે કોઈ સ્તરે હોય, તેઓ અન્ય સેવા કે અમલદારશાહીથી ભિન્ન રીતે રાજ્ય અને તેની સત્તાનું પ્રતિનિધિત્વ કરે છે. ન્યાયિક સેવા માત્ર રોજગાર નથી અને ન્યાયાધીશો માત્ર કર્મચારીઓ નથી. તેઓ રાજ્યસત્તાસભર

ન્યાયિક સત્તાનો ઉપયોગ કરે છે. તેઓ મહાન વિશ્વાસ અને જવાબદારી ધરાવતા જાહેર પદોના ધારક છે. જો કોઈ ન્યાયિક અધિકારી "ન્યાયના ત્રાજવાને ઝુકાવે, તો તેની અનુપ્રવાહી અસર વિનાશક અને હાનિકારક થશે". અપ્રામાણિક ન્યાયિક વ્યક્તિનું અસ્તિત્વ પરસ્પરવિરોધી છે. માનનીય સર્વોચ્ચ અદાલતના અનેક ચુકાદાઓ દ્વારા આ સિદ્ધાંત સુસ્થિર છે કે માત્ર આ આધાર પર કે વડી અદાલતને લાગે છે કે શિસ્તપ્રાધિકારે ફરમાવેલી સજા વધુ કઠોર છે, તે સજાને બદલી દેવા અથવા તેમાં હસ્તક્ષેપ કરવા વડી અદાલત સક્ષમ નથી. વડી અદાલત ન્યાયિક ક્ષેત્રે શિસ્તપ્રાધિકારના નિર્ણય સામે અપીલની અદાલત તરીકે બેસતી નથી. નિયોક્તા દ્વારા લેવાયેલી શિસ્તાત્મક કાર્યવાહી સામેના પડકાર સંબંધિત બાબતોમાં ન્યાયિક પુનર્વિલોકનનો વ્યાપ અત્યંત મર્યાદિત છે. અદાલતો મુખ્યત્વે આ પ્રશ્ન સાથે સંબંધિત હોય છે કે તપાસ સક્ષમ પ્રાધિકારે નિર્ધારિત પ્રક્રિયા અનુસાર હાથ ધરાઈ હતી કે નહીં અને કુદરતી ન્યાયના નિયમોનું પાલન કરવામાં આવ્યું હતું કે નહીં. ઉપરોક્ત કારણોને આધારે, અમને અરજામાં કોઈ ગુણ જણાતો નથી અને તેથી તે નામંજૂર કરવામાં આવે છે. નિયમ રદ કરવામાં આવે છે. ખર્ચ અંગે કોઈ હુકમ નહિ.

**(વી. એમ. સહાય, ન્યાયમૂર્તિ)**

**(એ. જી. ઉરૈઝી, ન્યાયમૂર્તિ)**

*The translation of this judgment has been provided by M/s Hyperlink E-Solutions Pvt. Ltd.*

---

**<u>અસ્વીકરણ</u>:** સ્થાનિક ભાષામાં અનુવાદિત આ ચુકાદા/હુકમનો હેતુ પક્ષકારોને તેમની ભાષામાં જાણકારી ઉપલબ્ધ કરાવવા માત્રનો છે અને તેનો અન્યથા ઉપયોગ થઇ શકશે નહિ. અન્ય તમામ વ્યવહારિક તેમજ સરકારી ઉદ્દેશો માટે મૂળ અંગ્રેજી ચુકાદો/હુકમ જ પ્રમાણિત અને માન્ય રહેશે.

**<u>DISCLAIMER:</u>** The translated judgment in vernacular language is meant for the restricted use of the litigant to understand it in his/ her language and may not be used for any other purpose. For all practical and official purposes, the English version of the judgment shall be authentic and shall hold the field for the purpose of execution and implementation.